# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમૅટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂા.૫/-　　વાર્ષિક લવાજમ રૂા.૪૦/-

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

વર્ષાઋતુ વિદાય થઈ, છત્રીઓ સંકેલાઈ ગઈ-પૅક થઈ ગઈ અને આવતી સિઝન માટે સ્ટોરરૂમમાં ગોઠવાઈ ગઈ. કુદરત આપણને બધી જાતના સંકેતો પાઠવે છે. ચોમાસાની શરૂઆતમાં આવેલા સંકેતો D'-Code કરીને અમે આ જ કૉલમમાં ભાખેલું કે મુંબઈમાં તો આ વર્ષે ૧૦૦ ઈંચ કરતાં ઓછો વરસાદ નથી જ. નશીબજોગે સાચું પડયું. ૯૮ ઈંચનો આંકડો ક્રોસ કરી ગયો. જોકે, કોઈ જ તકલીફ પડી નહીં. આપણે ભાગ્યશાળી છીએ. પરમાત્માએ આપણને એટલે કે ભારતને પૂરા વર્ષની છ ફિક્સ્ડ સિઝન આપી છે જે એકબીજા પર કદાચ થોડાક અંશે Overlap થાય. બાકી ઉનાળો એટલે ગરમી, ચોમાસું એટલે વરસાદ અને શિયાળો એટલે ઠંડી. છત્રી ગઈ એટલે દરેક ઘરમાં અડદિયાપાક, મેથીપાક કે ખજૂરપાક વ. વ. તંદુરસ્તીવર્ધક આઈટમ બનવા માંડે. ચાલો, આ શિયાળામાં તમે સૌ પૂરા વર્ષ માટે તંદુરસ્તી અને શક્તિ શરીરમાં ઠાંસી ઠાંસીને ભરી લ્યો અને અમારી શુભેચ્છા કે આ પૂરું વર્ષ આપના માટે તંદુરસ્તમય જાય.

કારતક મહિનો આવે એટલે આપણા જૈનો માટે 'ચાતુર્માસ'' સંપન્ન. 'સાધુ તો ચલતા ભલા' એ રીતે આપણાં સાધુ-સાધ્વીજીઓએ સ્થાનપરિવર્તન કરવા વિહાર ચાલુ કરી દીધા. ઠેકઠેકાણે ભાવવાહી દૃષ્યો સર્જાયાં, પણ એ સાથે થોડા કમનશીબ અને કરુણ સમાચાર આવ્યા. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં વિહાર દરમિયાન રોડ અકસ્માતમાં આપણાં સાધુભગવંતો-મહાસતીજીઓ ભોગ બની કાળધર્મ પામવાનું પ્રમાણ વધી ગયું છે. આપે નોંધ લીધી હશે કે આવા અકસ્માતોમાં ઘણાં મહાજ્ઞાની સાધુ-સાધ્વીઓનો ભોગ લેવાઈ ગયો છે. તેનાં કારણોમાં ઊંડા ઊતરીને તે નિવારવા યોગ્ય ઉપાય યોજવાનો સમય આવી ગયો છે, કારણકે જો આ પ્રમાણે આપણે ધર્મધુરંધરો ગુમાવતા રહીએ તો તેના જેવી કરુણતા બીજી કોઈ નથી. જૈનો આજે બધી જ રીતે સંપન્ન છે. આપણા માટે આનો ઉપાય શોધી તેને અમલમાં મૂકવાનું અઘરું નથી. ફક્ત જરૂર છે સંવાદિતાની.

બધા જ ફિરકાના આગેવાનો ભેગા થઈને કાંઈક કરી શકે.

ગુરુ ભગવંતોને પણ જૈન જાગૃતિ સેન્ટર હાથ જોડીને વિનંતી કરે છે કે આનો કાંઈક વાસ્તવિક ઉપાય સૂચવો. અમે તો રહ્યા અજ્ઞાની એટલે અમે જરૂર પડે તો વાહન વાપરવાનું સૂચન કરીએ જે કદાચ ધર્મ-આજ્ઞા વિરુદ્ધ કહેવાય! એક તો આ કાળમાં શ્રાવક-શ્રાવિકાઓને જ્ઞાન પ્રરૂપે, આજ્ઞા આપે, માર્ગદર્શન આપે તેવા સાધુસમુદાય નગણ્ય રહ્યા છે. અમને તો બસ, આપના આશીર્વાદ

જોઈએ. વિહાર કરવાનો યોગ્ય સમય પ્રાતઃકાળ છે. શિયાળામાં રસ્તા પર ઝાંકળ છવાયેલ હોઈ છ ફૂટ દૂરની વસ્તુ દેખાતી નથી. ઉપરાંત ટ્રક ડ્રાઈવરો કોઈ પણ પ્રકારની પરવા વિના બેફામ રીતે વાહન ચલાવે છે. આના તાત્કાલિક ઉપાય તરીકે અમે સૂચવીએ કે આવા દરેક સાધુસમુદાય સાથે તેમની આગળ-પાછળ કમ સે કમ બે એસ્કોર્ટ લાલ લાઈટ લઈને ચાલે તો એટલે અંશે ડ્રાઈવરો સાવચેત બનશે અને કરુણાંતિકા બનતી અટકશે. લાંબા ગાળાના ઉપાયો તો તમે વાંચકો જ સૂચવો. યોગ્ય સૂચનો જાગૃતિ સંદેશમાં છાપવામાં આવશે.

હું ઘણી વાર વિચારું છું કે માનવજાત દિવસે દિવસે વધારે બુદ્ધિશાળી બનતી જાય છે કે પછી સ્વાર્થી બની બુદ્ધિનો ગેરઉપયોગ કરવામાં પાગલ થતી જાય છે! નવેમ્બર મહિનામાં ભારતમાં વરસાદ, વાવાઝોડા, ઠેકઠેકાણે દરિયામાં સુનામી, રશિયામાં ઉષ્ણતામાન ૫૪° સે., વેનેઝુએલામાં વરસાદનું એવું તાંડવ કે જીવવું-બચવું અશક્ય થઈ ગયું, સમગ્ર યુરોપ-ઉત્તર અમેરિકા ખંડમાં હિમવર્ષાનું તાંડવ, અમેરિકામાં અલગ અલગ નામે ચક્રવાત (Cyclone) ત્રાટકી અસંખ્ય મિલકત તથા પાકનો નાશ, ન કલ્પી શકાય તેવા અસાધ્ય નવા નવા રોગનું આગમન, અબજો વર્ષ પૂર્વે કુદરતે આપણા જ માટે સર્જેલા 'ઓઝોન' પડમાં ભંગાણ આ બધું શું સૂચવે છે? આ બધી માનવસર્જિત મુસીબતો છે.

જંગલોનો નાશ કરી રહી છે માનવજાત. પોતાની બુદ્ધિ વડે તે કુદરતની હાંસી ઉડાવી રહી છે. કુદરતને ચૅલેન્જ આપી રહી છે અને કુદરત પણ 'લે લેતો ખા'' કહીને માનવોને તેની પામરતાનો પરિચય કરાવી રહી છે. જો માનવોમાં થોડીક બુદ્ધિ બચી હોય તો હવે આ બધા ઉધામા છોડો. કુદરત જો ખીજાશે તો સંપૂર્ણ સૃષ્ટિ નાશ કરતા તેને ફક્ત ૧૦ મિનિટ લાગશે. અત્યાર સુધી પાંચ વખત સમગ્ર સૃષ્ટિનો નાશ કર્યો છે. દુનિયાભરનાં મોટાં મોટાં શહેરો જેમાં મુંબઈનો પણ સમાવેશ થાય છે ત્યાં હવે ૧૦૦ Up માળનાં બિલ્ડિંગો આકાર પામી રહ્યાં છે. માનવો શું પામવા પ્રયત્નો કરી રહ્યા છે. ઊલટાનું માનવજીવન અસ્તવ્યસ્ત બની રહ્યું છે. હાથે કરીને દુઃખી થવાના ઉપાયો પ્રગતિના નામે કરી રહ્યા છીએ. શાસનદેવને પ્રાર્થના કરીએ કે આપણને બીજું કાંઈ ન આપે તો વાંધો નહીં, પણ કમસે કમ સદ્‌બુદ્ધિ આપે.

ઓબામા પછી હમણાં ફ્રાંસના પ્રમુખ સાર્કોશી ભારત આવીને આપણાં ખોબલે ખોબલે વખાણ કરી ગયા. એના રાજકીય ગુણદોષને નજરઅંદાજ કરીએ તો ખરેખર આપણે તે વખાણને લાયક છીએ? ત્રણસો વર્ષ પહેલાં અંદર અંદર ક્ષુલ્લક સ્વાર્થી અને અહમ્ પ્રેરિત જે મનોદશા હતી અને જેને લઈને ૮૦૦૦ માઈલ દૂરથી સાત દરિયા વીંધીને આવેલા જૂજ ગોરાઓએ આપણને બંદી બનાવી દીધા એ મનોદશાના શિકાર આપણે ફરી વાર બની રહ્યા છીએ?

આંતરિક ઝઘડાએ હવે માઝા મૂકી છે. આપણે દિશાવિહીન બની ગયા છીએ. આપણાં સંતાનોને આપણે શું આપીને જઈશું? આઝાદીની ચળવળ વખતે સો વર્ષ દરમિયાન અંગ્રેજોએ કરેલા અત્યાચારને આપણે પેટ ભરીને ભાંડીએ છીએ, પણ આપણા દેશમાં થતા આપણી સરકાર દ્વારા અત્યાચારને આપણે શું કહીશું? છાશવારે પોલીસદમનમાં થતા આડેધડ ગોળીબારમાં કેટલા નિર્દોષ નાગરિકો જીવ ગુમાવે છે? કેટલાં ઘરો નિરાધાર બને છે? કાયદા ઘણા બનાવ્યા છે અને દરરોજ તેમાં ઉમેરતા જઈએ છીએ, પણ તે સામાન્યજનોને ન્યાય આપી શકે છે? રક્ષણ કરી શકે છે? અત્યારે તો લાગે છે આ કાયદાઓ પૈસાદાર વર્ગની ઢાલ અને કાળા કોટવાળાની આજીવિકા બની ગયા છે. ન્યાય પૈસાથી ખરીદી શકાતો હોય તો તે દેશ ગુલામીની નજીક પહોંચી ગયો છે તેમ ધારી શકાય. ભગવાન આપણે ભારતીયોને પણ સદ્‌બુદ્ધિ આપે તેવી પ્રાર્થના કરું છું.

છેલ્લા કેટલાય દિવસથી આપણા વડીલો (સંસદસભ્યો)ના અહમ્‌ના ટકરાવને લઈને, આપસઆપસના ઝઘડાને લઈને સંસદની કાર્યવાહી ઠપ્પ છે. છે કોઈ તેમને પૂછવાવાળું? પગારવધારો જોઈતો હતો ત્યારે તેમની વચ્ચે કોઈ જ વિચારભેદ નહોતો. કોઈ જ વિખવાદ નહોતો. એકીઅવાજે બિલ પાસ થઈ ગયું! મને લાગે છે કે ગાંધીજીએ શીખવેલા નીડરતાના બધા જ પાઠ વિસારે પાડી દઈને આપણે પ્રજા તરીકે નિર્વિર્ય બની ગયા છીએ. અન્યાય સામેનો કોઈ અવાજ આપણા ગળામાંથી બહાર આવતો નથી. આ શેનો સંકેત છે? લોકસેવાને સોગંદપૂર્વક વરેલા આ આટલા બધા M.P., M.L.A., નગરસેવકો, અધિકારીઓ શેમાં બીઝી છે. એક સમય એવો આવશે, ગરીબોનો જઠરાગ્નિ જાગશે ત્યારે શું થશે કલ્પના કરો. તેમને બચાવનાર કોઈ જ નહીં હોય! આપણે જૈન તરીકે એવો સમય કદી ન આવે તેવું ઈચ્છીએ. તેઓ સવેળા ચેતી જાય! પ્રજાને લૂંટવામાં કોઈ પણ પક્ષના સિદ્ધાંતો જુદા નથી. સત્તા દ્વારા તેઓ ધનરાશિ પ્રાપ્ત કરવામાં બીઝી છે. પ્રજાની આંખે ચડી જવાય, ભવાં ચડી જાય તેવા ખર્ચા આ સેવકો તેમનાં સંતાનોનાં લગ્ન

પાછળ કરી રહ્યા છે. સેવા કરીને આટલી લખલૂટ સંપત્તિ મળતી હોય તો હું તો કહીશ આજના સમયનો Best Business પોલિટિક્સ જ છે.

જેમ જેમ સાંપ્રત કાળ વિશે વિચારું છું તેમ તેમ મારા દિલમાં આક્રોશ વ્યાપી જાય છે.

આ મહિના દરમિયાન યોજનારા સમૂહલગ્નની તૈયારી થઈ ચૂકી છે. આયોજિત યુવામેળાને જબરદસ્ત, ન ધારેલો પ્રતિસાદ મળી રહ્યો છે. એક સાંપ્રત સમસ્યા છૂટાછેડાના પરિપાકરૂપે ઊભી થતી સમસ્યાના નિરાકરણના પ્રયત્નરૂપે આપણા જેજેસી-તારદેવ દ્વારા એક અનોખા પરિચયમેળાનું આયોજન તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું છે. જરૂરિયાતવાળા જરૂરથી એમાં ભાગ લેશો.

આપ સૌએ નોંધ્યું હશે કે છેલ્લા કેટલાક સમયથી 'જાગૃતિ સંદેશ'ના લખાણમાં, પ્રિન્ટિંગમાં અને પેપરની ગુણવત્તામાં ખૂબ સુધારો થઈ રહ્યો છે.

વાચકવર્ગમાં વધારો થઈ રહ્યો છે. આપણું આ મુખપત્ર ફક્ત ધાર્મિક નથી, પણ સામાજિક સમસ્યાને વાચા આપે છે. એમ કહી શકાય કે આપણું મુખપત્ર Socio-Religious છે. સાહિત્યની બધી ફેકલ્ટી તેમાં આવરી લેવાના પ્રયત્નો ચાલી રહ્યા છે અને તમને એક સમાચાર આપું કે આપણી પ્રગતિવાદી વિચારધારાની કદર થઈ જ છે. હાલમાં ઘાટકોપર ખાતે પરમ પૂ. શ્રી ગુરુદેવ નમ્રમુનિની નિશ્રામાં જ્ઞાનસત્ર-૭નું આયોજન ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને થયું તેમાં ૩૨ જેટલા સાક્ષરની હાજરીમાં 'જાગૃતિ સંદેશ'નો ઉલ્લેખ થયો એટલું જ નહીં, પણ આપણા તંત્રી શ્રી રમેશ સંઘવીનું પત્રકારત્ત્વ દ્વારા શાસનની વિશિષ્ટ સેવા પ્રદાન કરવા બદલ મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું. જૈન જાગૃતિ સેન્ટર ગૌરવ અનુભવે છે.

રમેશભાઈએ નમ્રપણે કહ્યું કે આનું શ્રેય ચોક્કસપણે સેન્ટ્રલ બોર્ડ કે જેણે ડેવલપમેન્ટ માટે વિના રોકટોક FREE HAND આપ્યો, આપણા પરિવારના સાક્ષર વિચારકો અને વિદ્વાનો જેઓ તેમના લેખ મોકલાવે છે અને પરિવારના દરેક સભ્યો જેઓ વાંચીને પ્રતિસાદ આપે છે અને ઉત્કૃષ્ઠતા લાવવા સતત સૂચનો મોકલાવે છે તેઓને જાય છે. હું આ કૉલમમાં શ્રી રમેશ સંઘવીને અભિનંદન આપું છું.

ચલો, ત્યારે ફરી મળીશું આવતા મહિને, સમૂહલગ્ન હેમખેમ પતાવીને.

અસ્તુ.

*લિ. જિતેન્દ્ર કોઠારી*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# હેપ્પી ન્યૂ યર

કોઈક રૂપાળા છોડ પર જેમ રંગીન ફૂલને જન્મ દેવા થનગનતી કળી એકાએક ફૂટે અને એને જોઈને આંખો ઠરે એમ લો ફરી વાર એક નવા વરસનું આગમન થયું. તિથિની રીતિ અને પરંપરાની ઘટમાળ થકી આશાઓનો નવો ખડકલો થયો છે આજે. પાછલું વરસ કેવું રહ્યું એ હવે ઝાઝું વિચારવાની ઈચ્છા નથી થવાની. આવતું વરસ કેવું હોવું જોઈએ એની તાલાવેલી વધુ રહેવાની. જે મેળવી શકાયું છે એ માણતા રહેવું સહજ ક્રમ છે, પણ જે ખૂટે છે એને મેળવવા માટે જ નવા વરસના સંકલ્પ છે. કુદરતનો નિયમ છે કે મોટા ભાગના લોકોને મેળવેલું ઓછું અને મેળવવાલાયક વધુ આકર્ષક લાગે છે. શા માટે નહીં ? જીવન રોજ એક દિવસ આગળ વધે છે. એની સાથે આગળ વધે છે સફળતા કે નિષ્ફળતા, સુખ કે સંતાપ, આનંદ કે પીડા, રાહત કે જવાબદારી.

નવું વરસ કહે છે કે કશુંક નવું કરવાને આજથી કમર કસી લો. નિત્ય પ્રવૃત્ત રહેવું એ યથાયોગ્ય જીવનની પહેલી જરૂરિયાત છે. નવું વરસ કહે છે કે રોદણાં રડવાં એ બુદ્ધિશાળીઓનાં કામ નથી. પાછલાને પાછલું જ રહેવા દો અને આવનારાને આંબવા હાથ લંબાવો.

નવું વરસ જૂનું થાય, પણ ઈચ્છાઓ જૂની ના થવી જોઈએ. નવું વરસ આગળ ચાલતું રહેશે અને એની સાથે કદમ મિલાવતા આપણે પણ આગળ નીકળી જવાનું છે. ખીલ્યા પછી કળીએ તો પુષ્પ બનવું એનો ધર્મ છે. માણસનો ધર્મ છે વિત્યાને વિસારે પાડી, શક્યતાની જે નવી કળી ખીલી છે એનું જતન કરવાની, એનો ઉછેર કરવાની.

નવું વર્ષ ૨૦૧૧ ને આવકારતાં સંકલ્પ કરીએ કે આ અને આવતાં વર્ષો દરમિયાન મારાથી કોઈના દિલને ઠેસ ન પહોંચે, કોઈના મનના દુ:ખનું કારણ હું ન બનું, મતભેદ કદાચ ભલે થાય પણ મનભેદ ન થાય, કોઈની લાગણી દુભવવામાં હું નિમિત્ત ન બનું, બલકે કોઈની આંખનાં અશ્રુ લૂછવામાં હું સહભાગી બનું, કોઈના ચહેરા પર સ્મિત લાવવામાં હું કારણભૂત બનું અને કાયમ બધાના અંતરને શાતા પહોંચાડું.

ન્યૂ યર મુબારક ત્યારે થશે જ્યારે ઈરાદા મુબારક હશે, મહેનત મુબારક હશે અને આત્મવિશ્વાસ પણ મુબારક હશે. ૨૦૧૧નું વરસ સુખના, સમૃદ્ધિના, શાંતિના અને સંતોષના નવા વિક્રમો સર્જે એવી શુભેચ્છા સાથે જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટ તથા 'જાગૃતિ સંદેશ' તરફથી દરેક જેજેસીના માનવંત સભ્યોને હેપ્પી ન્યૂ યર...

તંત્રીસ્થાનેથી...

# સમૂહલગ્નનું આયોજન સમાજના સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો માટે અત્યંત ઉપકારક બની રહ્યું છે!

આપણા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ દ્વારા શનિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦ના રોજ ઘાટકોપર (પૂર્વ)ના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં **૧૬મા સમૂહલગ્ન**નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ સમૂહલગ્નમાં ૨૦ યુગલો લગ્નગ્રંથિથી જોડાશે. આ લગ્નોત્સવના સમયે ભારતીય સંસ્કૃતિમાં લગ્નનું શું મહત્ત્વ છે અને આજના સમયે સમૂહલગ્ન કેમ ઉપકારક છે તે વિષે અહીં યત્કિંચિત લખવા પ્રેરાયો છું.

આ સૃષ્ટિમાં અવતરવું અને વિરામ પામવું એ તો પરમાત્માના હાથમાં છે, પરંતુ બેની વચ્ચેના અનેક સંસ્કારો પૈકી લગ્નસંસ્કાર એ માનવજીવનને વળાંક આપતો અતિમહત્ત્વનો પ્રસંગ છે. લગ્ન એટલે બે વ્યક્તિનું જ નહિ, બે પરિવારોનું જોડાણ, બે સમાજોનો સમન્વય. વ્યાપકતા તરફ વધવાનો તેમાં સંકેત છે. 'હું'માંથી 'અમે' અને 'અમે'માંથી 'આપણે' થવાનો, વિશ્વકુટુંબ કરવાની દિશામાં પગલું માંડવાનો આ સંકલ્પ છે. લગ્ન એ સંસ્કાર છે. એમાં પ્રેમ, પવિત્રતા અને ત્યાગનું પ્રાધાન્ય છે. લગ્નમાં સુખ મેળવવા કરતાં સુખ આપવાનો વિચાર રહેલો છે. એટલે જેની સાથે લગ્નગ્રંથિથી જોડાઈએ એની પાસેથી સુખ મળશે એવી આશા રાખવા કરતાં હું એને સુખી કરીશ એવી ભાવનાથી લગ્ન કરવું જોઈએ. આમ થાય તો કદી દુઃખ ભોગવવાનો વારો આવે નહિ.

લગ્ન થયાં પછી પતિ-પત્ની અદ્વૈત સિદ્ધ કરે તો ગૃહસ્થાશ્રમ સુખમય થાય. જ્યાં ભેદ છે ત્યાં જ દુઃખ છે. પતિ-પત્નીનો સ્વભાવ એક ન થાય ત્યાં સુધી લગ્ન સફળ થતું નથી. તન બે, મન એક એનું નામ લગ્ન. પતિ-પત્ની તનથી બે હોવા છતાં તેમના સ્વભાવ અને તેમનાં મન એક થાય તો જ સુખ મળે.

પતિ-પત્ની એકમેકને ઉજાસ આપે એના જેવો બીજો ઉજાસ ક્યાંય નથી. લગ્ન તો જીવનવિકાસની, જીવનઘડતરની પાઠશાળા છે. દામ્પત્યજીવનમાં એકમેકને હૂંફ, સહાનુભૂતિ અને પ્રેરણા આપતાં રહેજો. તો એકમેકના સહારે જીવન સંગ્રામમાં અદ્‌ભુત વિજય મેળવી શકશો. એકમેકનાં બળ, ધીરજ અને સેવાભાવ કેળવતાં રહીને ગૃહજીવન મધુર, પ્રસન્ન અને પ્રેરણાભર્યું બનાવી શકાય.

લગ્નજીવનનું સુખ લગ્ન કરવા માત્રથી જ આપોઆપ પ્રગટ થતું નથી. તે તો વ્યક્તિના જાગૃત અને વિચારપૂર્વકના સહજીવનનું પરિણામ છે ને તે પ્રયત્નથી જ સિદ્ધ થઈ શકે. આ માટે પતિ-પત્નીએ પરસ્પર એકબીજાં પ્રત્યેની જવાબદારીની ભાવના સાથે જ વર્તવું જોઈએ. પતિ કે પત્ની પોતાના ધર્મ કે પોતાની જવાબદારી વિષે વિશેષ જાગૃત બને અને એ જવાબદારી કુશળતાપૂર્વક અદા કરવાની દૃષ્ટિ, વૃત્તિ અને શક્તિ સતત પ્રયત્નથી કેળવે તો લગ્નજીવન નિશ્ચિંત સફળ બને.

આપણા સમાજમાં આજે લગ્નોત્સવ સંપત્તિનું એક વરવું પ્રદર્શન બની ગયું હોય તેમ લાગે છે. જે શ્રીમંત છે, સાધનસંપન્ન છે તે પોતાનાં સંતાનોના લગ્નપ્રસંગે અઢળક લક્ષ્મીનો વ્યય કરી રહ્યા છે. વિશાળ લગ્નસ્થળનો વૈભવી ભભકો, લક્ઝરિયસ લગ્નપત્રિકા, દાંડિયારાસ અને અન્ય મનોરંજન કાર્યક્રમોની વણજાર અને જમણવારમાં અનેકવિધ વાનગીઓમાં મોટાઈનું પ્રદર્શન જોવા મળે છે. આવા લગ્નપ્રસંગે સો બસો નહિ હજારો લોકોને નિમંત્રણ અપાય છે અને આવા લગ્નપ્રસંગમાં ખોટો આડંબર નજરે ચડ્યા વિના રહેતો નથી! શ્રીમંત વર્ગ તરફથી લગ્ન પ્રસંગે થતો આવો અતિશય ખર્ચાળ ભભકો મધ્યમ વર્ગને પણ અસર કરે છે. મધ્યમ વર્ગની શક્તિ ન હોય તોપણ પોતાને ત્યાં આવતા લગ્નપ્રસંગે દેવું કરીને પણ લગ્નપ્રસંગની થોડીઘણી ધામધૂમ કરવી પડે છે. આવા લગ્નપ્રસંગે તે ખોટા ખર્ચમાં નીચોવાઈ જાય છે, દેવાદાર થઈ જાય છે અને બેહાલ થઈ જાય છે. તેથી જ સમાજમાં સમૂહલગ્નની શરૂઆત થઈ તે સામાન્ય અને મધ્યમ વર્ગ માટે અત્યંત આશીર્વાદરૂપ જ છે.

મુંબઈની આપણી કેટલીક જૈન જ્ઞાતિઓ પણ પ્રતિવર્ષ સમૂહલગ્નનું સફળ આયોજન કરે છે. મુંબઈની પટેલ જ્ઞાતિ પણ સમૂહલગ્નનું આયોજન પ્રતિવર્ષ કરે છે અને આ જ્ઞાતિના પ્રત્યેક પરિવારને આ સમૂહલગ્નમાં જોડાવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ પટેલ જ્ઞાતિ મહેસાણામાં મોટા ભાગે પોતાની જ્ઞાતિનાં સમૂહલગ્ન યોજે છે અને તેમાં પ્રત્યેક પરિવારો ઉત્સાહપૂર્વક જોડાય છે. મુંબઈની આપણી

સર્વ જૈન જ્ઞાતિઓએ પણ આ સાંપ્રત સમયે સમૂહલગ્નની પ્રથા અપનાવવાની અત્યંત આવશ્યકતા છે.

આપણા સમાજની પ્રત્યેક જ્ઞાતિએ અને પ્રત્યેક પરિવારે પછી ભલે તે અતિશ્રીમંત હોય, પણ આવાં સમૂહલગ્નમાં ભાગ લઈ પોતાના દીકરા-દીકરી પરણાવવા જોઈએ. સમૂહલગ્નમાં ભાગ લેવાથી શ્રીમંત વર્ગનું કોઈ અવમૂલ્યન થવાનું નથી. ઊલટું સમાજનો બહોળો વર્ગ તેને આવકાર આપશે, તેને વધાવશે, તેનું સ્વાગત કરશે. સમૂહલગ્નમાં જોડાવાથી ઘણી બધી ચિંતા, ઉપાધિઓથી મુક્તિ મળે છે. તમારે ત્યાં લગ્ન આવે અને તમે સમાજના સમૂહલગ્નમાં જોડાવ તો પછી તમારે લગ્ન માટેની વાડી બુક કરવાની ચિંતા રહેતી નથી. ગોરમહારાજ કે લગ્નપત્રિકાની કોઈ ચિંતા રહેતી નથી. જમણવાર માટે કેટરર્સ રોકવો પડતો નથી અને એવી ઘણીબધી ચિંતાઓથી તમે મુક્ત બની રાહત અને શાંતિ અનુભવી શકો છો. સમૂહલગ્નનું આયોજન કરનાર સંસ્થા કે સમાજ તમારી બધી ચિંતાઓ, ઉપાધિઓ દૂર કરવા સક્ષમ છે. એથી જ આવાં સમૂહલગ્નો લોકો માટે ખરેખર આશીર્વાદરૂપ છે. સમાજનો દરેક વર્ગ આવા સમૂહલગ્નમાં પોતાનાં સંતાનોનાં લગ્ન માટે આગળ આવે તો આ યુગનું એક શક્રવર્તી કાર્ય થઈ શકે.

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ છેલ્લાં ૧૬ વર્ષથી પ્રતિવર્ષ આવાં સમૂહલગ્નનું આયોજન કરીને એક પ્રશસ્ત સેવાકાર્ય કરે છે તે બદલ સંસ્થાના સર્વ અધિકારીઓની જેટલી સરાહના કરીએ તેટલી ઓછી છે. આવા સમૂહલગ્નમાં વધુ ને વધુ લોકો જોડાય તેવી અમારી મનેચ્છા અમારા મનોરથ પૂર્ણ કરવામાં સમાજના તમામ વર્ગનો ઉષ્માભર્યો સહયોગ મળતો રહે એવી અપેક્ષા અસ્થાને તો નથી જ.

આ સાથે જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ આયોજિત આ ૧૬મા સમૂહલગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલોને અમારા સુભાષિશ પાઠવીએ છીએ. તેઓનું આ નવપ્રસ્થાન, તેઓનું લગ્નજીવન યશસ્વી, સુખદાયી અને સફળ બની રહો એવી શુભકામના આ તકે અમે દર્શાવીએ છીએ. □□□

## જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૭મા ''આગમ મહોત્સવ'' અંતર્ગત 'જાગૃતિ સંદેશ'ના તંત્રીનું સન્માન થયું

પ્રાણગુરુ જૈન રીસર્ચ સેંટર દ્વારા પૂ. શ્રી નમ્રમુનિજી મ.સા. આદિ સંતો અને સતીઓની પાવન નિશ્રામાં પારસધામ, ઘાટકોપર ખાતે જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું સુંદર આયોજન સંપન્ન થયું.

જ્ઞાનસત્રના સંયોજક જૈન વિદ્વાન શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ જૈન જાગૃતિ સેંટર-સેન્ટ્રલ બોર્ડ અને જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટની દેશ-વિદેશનાં વિવિધલક્ષી જનહિતનાં કાર્યોની નોંધ લઈ શૈક્ષણિક સહાયના વિરાટ કાર્યની સરાહના કરી હતી.

'જાગૃતિ સંદેશ'ના ઉત્કૃષ્ટ સંપાદનની વિગતે વાત કરી માનદ્ તંત્રી શ્રી રમેશભાઈ સંઘવીનું મોમેન્ટો અને આગમની ફ્રેમ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારતભરમાંથી આવેલા પચાસ જેટલા વિદ્વાનો, જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી, વાઈસ ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયા તથા વિશાળ સંખ્યામાં શ્રુત આરાધકોની ઉપસ્થિતિ હતી.



## અભિનંદન



ગત અંકમાં ઉલ્લેખ કરેલો, પણ માહિતી સમયસર નહીં પહોંચતાં આ અંકમાં લેવામાં આવેલ છે.

જૈન જાગૃતિ સેન્ટર-ડીસાના સભ્ય શ્રી વિપુલ ભોગીલાલ શાહ તથા શ્રીમતી કૈલાસ વિપુલ શાહ તાજેતરમાં યોજાયેલી ડીસા નગરપાલિકાની ચૂંટણીમાં અનુક્રમે વૉર્ડ નં. ૨ તથા વૉર્ડ નં. ૪માંથી જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યાં હતાં અને શ્રી વિપુલભાઈ ડીસા નગરપાલિકાના પ્રમુખપદે આરૂઢ થયેલ છે.

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા પરિવારના ૬૫,૦૦૦ સભ્યો દંપતીને અભિનંદન પાઠવે છે તથા ગૌરવ અનુભવે છે.

આ પ્રસંગને વધાવવા રવિવાર, તા. ૧૪-૧૧-૨૦૧૦ના રોજ સ્નેહમિલનનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં જૈન સમાજના શ્રી પ્રફુલ્લ શાહ પણ ડીસા નગરપાલિકાના સદસ્ય તરીકે ચૂંટાઈ આવ્યા તે બદલ તેમનું પણ બહુમાન કરવામાં આવેલ.

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | : ૦૬-૧૧-૧૦ | મુવી : 'ગોલમાલ-૩' | ✉ |
| | ૦૭-૧૧-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ★ |
| • બીચ સાઇડ | : ૧૬-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| • ભાંડુપ-વિક્રોલી | : ૧૮-૧૧-૧૦ | નાટક : 'આવ તને એક દરિયો આપું' | ★ |
| • ચેમ્બુર | : ૨૨-૧૧-૧૦ | નાટક : 'ગર્વથી કહો અમે ગુજરાતી છીએ' | ★ |
| • દાદર | : ૧૫-૧૧-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ✉ |
| | ૨૯-૧૦-૧૦ | નાટક : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ★ |
| • જેમ્ જગડુશા | : ૦૯-૧૧-૧૦ | નાટક : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ✉ |
| • જુહુ | : ૨૨-૧૧-૧૦ | નાટક : 'છપ્પનની છાતી, હું ગુજરાતી' | ★ |
| | ૧૧-૧૦-૧૦ | મુવી : 'ગુજારીશ' | ✉ |
| • જુહુ બીચ | : ૧૫-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| • કાંદિવલી | : ૧૮-૧૧-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ★ |
| • લે. વિં. મુંબઈ (ઈસ્ટ) | : ૨૯-૧૧-૧૦ | નાટક : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ✉ |
| • મુલુંડ | : ૧૩-૧૧-૧૦ | નાટક : 'વેલકમ જિંદગી' | ✉ |
| | ૨૪-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| • મલાડ | : ૧૯-૧૧-૧૦ | નાટક : 'છપ્પનની છાતી, હું ગુજરાતી' | ✉ |
| | ૩૦-૧૧-૧૦ | નાટક : 'આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે' | ★ |
| • મુંબઈ | : ૨૫-૧૧-૧૦ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| | ૨૮-૧૧-૧૦ | સંગીત : 'મ્યુઝિકલ હાઉસી – સંદીપ પંચવાટકર' | ★ |
| • નવી મુંબઈ | : ૨૩-૧૧-૧૦ | નાટક : 'એક અહમ્‌ની રાણી' | ✉ |
| | ૩૦-૧૧-૧૦ | ગઝલ : 'મનહર ઉધાસ' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : ૧૧-૧૧-૧૦ | નાટક : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ★ |
| • પનવેલ | : ૨૯-૧૧-૧૦ | ગઝલ : 'મનહર ઉધાસ' | ✉ |
| • રાજાવાડી | : ૧૦-૧૧-૧૦ | નાટક : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ✉ |
| • સાયન માટુંગા | : ૨૫-૧૧-૧૦ | નાટક : 'આવ તને એક દરિયો આપું' | ✉ |
| • સી સાઈડ | : ૧૭-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |
| • શિવાજી પાર્ક | : ૨૬-૧૧-૧૦ | પ્રહસન : 'લો ગુજ્જુભાઈ ઘોડે ચડ્યા' | ✉ |
| • વિલે પાર્લે | : ૧૩-૧૧-૧૦ | ગેટ-ટુ-ગેધર : 'રઘુલીલા મોલ ખાતે' | ★ |
| | ૧૭-૧૧-૧૦ | નાટક : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ✉ |
| | ૨૩-૧૧-૧૦ | નાટક : 'હસતા રમતા જીવી લઈએ' | ★ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# પ્રવાસ આયોજન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ ચેમ્બુર | દુબઈ પ્રવાસ | તા. ૨૧-૦૧-૨૦૧૧ થી ૨૬-૦૧-૨૦૧૧ તથા તા. ૨૫-૦૧-૨૦૧૧ થી ૩૦-૦૧-૨૦૧૧ | રૂા. ૩૬,૦૦૦/- |
| ★ જેમ્ જગડુશા | કચ્છ પ્રવાસ | તા. ૧૩-૦૧-૨૦૧૧ થી ૩૦-૦૧-૨૦૧૧ | રૂા. |
| ★ પનવેલ | વન-ડે પિકનિક (એસ્સેલ વર્લ્ડ) | તા. ૦૫-૧૨-૨૦૧૦ | |
| ★ નવી મુંબઈ | સૂરજ વૉટર પાર્ક (વન-ડે પિકનિક) | તા. ૦૫-૧૨-૨૦૧૦ | |
| ★ સાયન-માટુંગા | પંચમઢી-જબલપુર | તા. ૦૨-૦૨-૨૦૧૧ થી ૦૮-૦૨-૨૦૧૧ | રૂા. ૮,૫૦૦/- + ટ્રેન ચાર્જિસ |
| ★ વિલે પાર્લે | સાજ રિસોર્ટ-મહાબલેશ્વર | તા. ૧૧-૦૧-૨૦૧૧ | |

## જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
### દ્વારા આયોજિત
### સોળમો સમૂહ લગ્નોત્સવ (રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦)

**પ્રેરિત દાતા** : શ્રીમતી લક્ષ્મીબહેન લક્ષ્મીચંદ દેઢિયા હ. શ્રી જેઠાલાલ દેઢિયા, (રાજશ્રી બીલ્ડર્સ)
**મુખ્ય આધારસ્તંભ** : જૈન જાગૃતિ સેન્ટર-નોર્થ ઈસ્ટ
**પ્રીતિભોજનના દાતા** : માતુશ્રી મંજુલાબહેન જેઠાલાલ મોરબિયા
**સજાવટના દાતા** : જૈન જાગૃતિ સેન્ટર-નવી મુંબઈ
**શુભ દિન** : સંવત ૨૦૬૭ના માગસર સુદ બારસ, રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦
**શુભ સ્થળ** : પોલીસ પરેડ ગ્રાઉન્ડ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ)

### સપ્તપદીનાં નવયુવગલો

૧. હીરાલાલ સુકનરાજ જૈન, મીરા રોડ
રાજેશ્વરી ચંપાલાલ જૈન, બેલગામ
૨. સમીર વિનોદ શાહ, સુરત
શીતલ મહેશ શાહ, ભિવંડી
૩. દેવાંગ રમેશ શાહ, વિરાર
ઉર્વી ચંદ્રકાંત મકવાણા, ભાઈંદર
૪. જિજ્ઞેશ દિલીપ શાહ, ભાઈંદર
તેજલ નરેશ ગારડી, ભાઈંદર
૫. નિખિલ હેમેન્દ્ર વોરા, ઘાટકોપર
પ્રાચી વિપીનચંદ્ર સંઘવી, ઘાટકોપર
૬. કેયૂર અશ્વિન શાહ, ભાઈંદર
ઈના દિલીપ શાહ, ભીવંડી
૭. મોહનીશ લલિતચંદ્ર શાહ, ભાઈંદર
માનસી ભોગીભાઈ પટેલ, ગોરેગામ
૮. મિતેષ દિનેશ શાહ, ભાઈંદર
જીનાલી દિલીપ શાહ, ભાઈંદર
૯. હર્ષિત વિજય શાહ, નાલાસોપારા
હેતલ કીર્તિ શાહ, મલાડ
૧૦. અંકુર વાઘજી વોરા, ભાઈંદર
સોનલ હસમુખ મહેતા, ભાઈંદર
૧૧. વિશાલ ગુણવંતરાય દોશી, ભાઈંદર
ઉપાસના પ્રફુલાલ વિશ્વકર્મા, ભાઈંદર
૧૨. દેવેન્દ્ર છોટાલાલ ગાંધી, ડોંબિવલી
મમતા નરેન્દ્ર શાહ, વ્યારા
૧૩. પ્રશાંત હર્ષદ શેઠ, ડોંબિવલી
પ્રિતી દિલીપ શાહ, સુરત
૧૪. હિતેષ ચંદ્રકાંત શાહ, પુના
અંકીતા નરેન્દ્ર શાહ, નાસિક
૧૫. ભાવેશ અશ્વિન દોશી, ભાઈંદર
રચના સુરેન્દ્રકુમાર શાહ, જોગેશ્વરી
૧૬. કૈવંત સુમતીલાલ શાહ, કલ્યાણ
શ્રેયા (ગૌરી) કાંતિલાલ વાઘેલા, અંધેરી
૧૭. આકાશ ભાવેશ શાહ, મલાડ
જાન્હવી ભાવેશ જોષી, મીરા રોડ
૧૮. નરેન્દ્ર લાલચંદજી ગુગલિયા, બેંગલોર
પ્રિયંકા રમેશ શાહ, મહેસાણા
૧૯. અશેષ વસંત સોની, અંબરનાથ
દિપીકા ગોવિંદસિંહ રાઠોડ, અંબરનાથ

### સહયોગી સેન્ટરો

**જૈન જાગૃતિ સેન્ટરો :** • જુહુ બીચ • કાંદિવલી • જુહુ • સાયન-માટુંગા • વિલે પાર્લે • બોરીવલી • પિંક પંતનગર • શિવાજી પાર્ક • દાદર • ગોલ્ડન ગારોડિયા • ઘાટકોપર • ચેમ્બુર • મલાડ • તારદેવ • બીચ સાઈડ • મુંબઈ • નાલાસોપારા • લેડીઝ વિંગ (સેન્ટ્રલ મુંબઈ) • સી સાઈડ • મુલુંડ • જેમ્ જગડુશા • વાશી • લેડીઝ વિંગ (મુંબઈ ઈસ્ટ) • રાજાવાડી • ભાંડુપ-વિક્રોલી • બૉમ્બે ડાઉન-ટાઉન • અમૃતનગર • દહિસર • પનવેલ

રવિવાર, તા. ૫-૧૨-૨૦૧૦ના રોજ નવીનભાઈ ઠક્કર હૉલમાં ૧૬ સમૂહલગ્નમાં જોડાયેલાં ૨૦ યુવક-યુવતીઓને 'કરિયાવર' આપવામાં આવેલ. તે દરમિયાન ચૅરમૅન શ્રી જિતુભાઈએ સમૂહલગ્નના દિવસના આયોજન વિશે દરેક યુવક-યુવતી તથા તેમના વડીલોને વિસ્તૃતમાં માહિતી આપેલ. ઉપરાંત શ્રી કિશોર શાહ (ચૅરમૅન-ચૅરિટેબલ ટ્રસ્ટ), શ્રી સંજય શાહ (સેક્રેટરી જનરલ) તથા પ્રેરક સ્તંભ શ્રી જેઠાલાલ દેઢિયા તથા શ્રી જયરાજ દેવાણી (જેજેસી-નોર્થ ઈસ્ટ)એ શુભેચ્છા પાઠવેલ.

## ૧૬મા સમૂહલગ્ન સમારોહ પ્રસંગે પથિક યુવા બેલડીઓને જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી અપાતી ભેટની યાદી

### લગ્ન તા. ૧૮-૧૨-૨૦૧૦, શનિવાર

**સ્ટીલનો સામાન**

| | | |
|---|---|---|
| ૧) | મા માટલાની સ્ટીલની કોઠી | ૧ |
| ૨) | મોટી બાલદી | ૧ |
| ૩) | ડીનર સેટ (૬ થાળી, ૧૨ વાટકી, ૬ ગ્લાસ, ૬ ચમચી, હલવા પ્લેટ) | ૧ |
| ૪) | ટોપ-છીબા (પાંચનો સેટ) | ૧૦ |
| ૫) | સાકરનો ડબ્બો | ૧ |
| ૬) | ચા-પત્તી માટે ડબ્બો | ૧ |
| ૭) | ગોળ માટેનો ડબ્બો | ૧ |
| ૮) | મસાલા માટેનો ડબ્બો (૭ વાટકી) | ૮ |
| ૯) | અથાણા માટેનો ડબ્બો (૪ વાટકી) | ૫ |
| ૧૦) | પાપડ રાખવા માટેનો ડબ્બો | ૧ |
| ૧૧) | થેપલાં માટેનો સ્ટીલનો ડબ્બો | ૧ |
| ૧૨) | તેલ માટેની બરણી | ૧ |
| ૧૩) | (ધૃત) ઘી માટેની કૂપડી | ૧ |
| ૧૪) | સ્ટીલનો ત્રાંસ | ૧ |
| ૧૫) | લૂવો (લોચો) | ૧ |
| ૧૬) | ખમણી | ૧ |
| ૧૭) | ઝારો (તળવા માટે) | ૧ |
| ૧૮) | સાણસી (પક્કડ) | ૧ |
| ૧૯) | તાવિથો | ૧ |
| ૨૦) | ભાતિયો | ૧ |
| ૨૧) | છાશ જંગવા માટે જેચણી | ૧ |
| ૨૨) | છાશ કાઢવા માટેનો ડોયો | ૧ |
| ૨૩) | દાળ માટેનો ચમચો | ૨ |
| ૨૪) | ચાની ગરણી | ૧ |
| ૨૫) | શાક માટેના ચમચા | ૨ |
| ૨૬) | ચીપિયો | ૧ |
| ૨૭) | પૌંઆ તળવા માટે ઝારો | ૧ |
| ૨૮) | છાશ માટેની લોટી | ૧ |
| ૨૯) | સ્ટીલની બરણી | ૧ |
| ૩૦) | પાણીનો જગ (Ground) | ૧ |
| ૩૧) | ચમચા પટ્ટી | ૧ |
| ૩૨) | કેસરોલ | ૧ |
| ૩૩) | ચમચી રાખવા માટે સ્ટેન્ડ | ૧ |
| ૩૪) | દીવી | |
| ૩૫) | લોટો | |
| ૩૬) | પાણીનો ડોયો | |
| ૩૭) | ઢોસા માટેનો તવો | ૧ |
| ૩૮) | ચીઝ ખમણી | ૧ |
| ૩૯) | પીલર | ૧ |
| ૪૦) | કોપર બ્રાસની કળાઈ | ૧ |
| ૪૧) | પ્રેસરકૂકર | ૧ |
| ૪૨) | ઈટલી-ઢોકળા-હાંડવાનું કૂકર | ૧ |
| ૪૩) | બ્રેડ ટોસ્ટર | ૧ |
| ૪૪) | બ્લેન્ડર | ૧ |
| ૪૫) | ઈસ્ત્રી | ૧ |
| ૪૬) | મિક્ષર | ૧ |
| ૪૭) | સ્ટીલનું ટિફિન | ૧ |
| ૪૮) | વૉટર ફિલ્ટર | ૧ |
| ૪૯) | ચકલો (રોટલી વણવા માટે) | ૧ |
| ૫૦) | વેલણ | ૨ |
| ૫૧) | હરવારો | ૪ |
| ૫૨) | મુખવાસની ડબ્બી-૨ સેટ ૧ | ૨ |
| ૫૩) | માખન છરી | |

**કપડાની આઈટમ**

| | | |
|---|---|---|
| ૧) | ઘરચોળું | ૧ |
| ૨) | પાનેતર | ૧ |
| ૩) | સેલું | ૧ |
| ૪) | સાડી સેટ | ૨ |
| ૫) | નાહવાના જેન્ટસ-લેડીઝ ટુવાલ | ૨ |
| ૬) | જેન્ટસ રૂમાલ | ૬ |
| ૭) | લેડીઝ રૂમાલ | ૬ |
| ૮) | હાથ લૂછવાના નેપકિન | ૨ |
| ૯) | બેડશીટ | ૧ |
| ૧૦) | ગરમ સાલ | ૧ |

**ક્રોકરી-કાચનો સામાન**

| | | |
|---|---|---|
| ૧) | કાચના ગ્લાસ | ૬ |
| ૨) | ટ્રે સેટ ૧ | ૩ |
| ૩) | કપ-રકાબી | ૬ |
| ૪) | માઈક્રો ટીન સેટ ૧ | ૫ |

**લેડીઝ મેકઅપ માટેની વસ્તુ**

| | | |
|---|---|---|
| ૧) | અરીસો | ૧ |
| ૨) | દાંતિયો સેટ | ૧ |
| | (જેન્ટ્સ-લેડીઝ) | ૫ |
| ૩) | મેકઅપ બૉક્સ | ૧ |
| ૪) | પાઉડરનો ડબ્બો | ૧ |
| ૫) | નેઈલ પૉલિશ | ૩ |
| ૬) | નેઈલ પૉલિશ રીમૂવર | ૧ |
| ૭) | કાજલ સ્ટિક | ૧ |
| ૮) | પરફ્યુમ બૉટલ | ૧ |
| ૯) | લિપસ્ટિક | ૩ |
| ૧૦) | બટરફ્લાય | ૭ |

**ઘડિયાળ અને વસ્તુ**

| | | |
|---|---|---|
| ૧) | વૉલ ઘડિયાળ | ૧ |
| ૨) | જેન્ટસ ઘડિયાળ સેટ-૧ | ૧ |
| ૩) | લેડીઝ ઘડિયાળ સેટ-૧ | ૧ |
| ૪) | સૂટકેસ | ૧ |

**સોના-ચાંદીની વસ્તુ**

| | | |
|---|---|---|
| ૧) | મંગળસૂત્ર | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨) કંકાવટી | ૧ | ૩) મીંઢોળ | ૨ | ૮) સોપારી (શણગારેલી) | ૨ |
| ૩) નવકારવાળી | ૧ | ૪) રાવણ દીવડા | ૧ | ૯) પોંખણા | ૨ |
| **લગ્ન માટેની સામગ્રી** | | ૫) વરમાળા | ૨ | ૧૦) મોડિયા | ૪ |
| ૧) બાજોઠ | ૧ | ૬) કળશ | ૧ | ૧૧) મામઠના લાડવા | |
| ૨) સૂપડું | ૧ | ૭) માણેક સ્થંભ | ૧ | | |

## નીશીલૅન્ડ વૉટર પાર્ક (પનવેલ) – ૨ પાસ

૧) કન્યા પક્ષે લગ્નના દિવસે બપોરના ૩.૦૦ વાગે લગ્નના સ્થળે પહોંચી જવું.

૨) મામટના લાડવા લગ્નના દિવસે સ્થળ ઉપર જ આવામાં આવશે.

૩) **વર પક્ષે લાવવાની સામગ્રી :** ખેસ, ચૂંદડી, મોઢ, લગ્નની પડી, પસનું શ્રીફળ, લીલો સાટીનનો ટુકડો અડધો મીટર, ૧/૨ કિલો મિક્સ મીઠાઈ, વરરાજાને હાર પહેરાવીને લાવવા.

**કન્યા પક્ષે લાવવાની સામગ્રી :** ખેસ, ચૂદી, મોઢ, પસનું શ્રીફળ, ગાગર, બેડિયું, મોતીની ઈંઢોણી, કન્યાને હાર પહેરાવીને લાવવી, બન્ને પક્ષે લાવેલ વસ્તુની મહારાજને જાણ કરવી.

૧૬મા સમૂહલગ્નમાં ભાગ લેનાર ૨૧ બેલડીઓને ૧૩૬ સેન્ટરના ૬૩,૦૦૦ સભ્યો વતી હાર્દિક અભિનંદન.

**લિ.**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ**

**અને ચૅરિટેબલ ટ્રસ્ટ-કારોબારી કમિટી**

## લગ્ન નિમિત્તે વર-વધૂને અપનાવવા જેવી ટિપ્સ...

### વરને :

*તારી ભવ્ય છે પરંપરા, કુર્યાત સદા મંગલમ્*
*તારી ઋષિ છે પરંપરા, કુર્યાત સદા મંગલમ્.*

વર બન્યો વરિષ્ઠતા ના ભૂલજે, તારા કતૃત્વને આહ્વાન આપજે – તારું દામ્પત્ય ખીલવજે... કુર્યાત સદા મંગલમ્

તારા શોર્ય ગુણને સંભાળજે, ગુણ વીરત્વનો તો ના ભૂલજે – પરાક્રમને પૂજા ગણજે... કુર્યાત સદા મંગલમ્

અગવડે અસત્ય તો ના બોલજે, દરિદ્રતામાં પણ દાત્વૃત્વ ધારજે, પૌરુષે પરાક્રમ શોભે... કુર્યાત સદા મંગલમ્

### વધૂને :

*મયણાશ્રીપાલ રૂપે તું, અખંડ સૌભાગ્યવતી*
*સંસારમંગલ કરજે તું, અખંડ સૌભાગ્યવતી*

દિવસ ઊગ્યા પહેલાં તું ઊઠી જજે, નવકાર મહામંત્રને ઉચ્ચારજે, વડીલો સૌને પગે લાગજે, **અખંડ સૌભાગ્યવતી**

ઘરકામને કદી વેઠ ના ગણજે, સહુની સેવાને તું સજા ના માનજે, સેવાકર્મો જ પ્રભુ પૂજા, **અખંડ સૌભાગ્યવતી**

ગત કર્મો થકી ઘર ને વર તો મળ્યાં, પ્રભુ ગમતાં કામોનાં ફળ તો મળ્યાં, જોજે ધર્મના વિસરાય, **અખંડ સૌભાગ્યવતી**

લાડકી પુત્રવધૂ તું પોતીકી બનજે, ભાવ આપી ભર્યુંભર્યું ઘર રાખજે, તારી દષ્ટિમાં શીતળતા, **અખંડ સૌભાગ્યવતી**

આપી લાડકોડ ને તને મોટી કરી, સંસ્કારોની તુજમાં સુગંધ ભરી, કુટુંબ ભાવનાને ના ભૂલતી, **અખંડ સૌભાગ્યવતી**

મયણાશ્રીપાલ રૂપે તું, અખંડ સૌભાગ્યવતી
સંસારમંગલ કરજે તું, અખંડ સૌભાગ્યવતી

**ખોળો ભરાવવો (કન્યાને ચૂંદડી ઓઢાડવી):** વધૂને ખોળામાં લાડવા તેમ જ સાડી ઓઢાડીને એ વાતનો એહસાસ આપે છે કે આજથી આ કુળની મર્યાદા તમને સોંપી છે, તમે જ કુળની લાજ છો. કુળ પરંપરાને આગળ વધારવાની જવાબદારી સ્વીકારી છે.

**''લજ્જા અમૂલ્ય નારીનું ઘરેણું, વાત્સલ્ય કારુણ્ય, સૌંદર્યે શોભતું પુત્રવધૂ બનીને, બે કૂળ દીપાવો, ઘરને મકાન નહીં મંદિર બનાવો.**

**ગણેશ સ્થાપના :** ઘરે અવસર આવ્યો છે, ગણપતિને પધરાવો શુભ કાજ, ગણપતિ તો સઘળા ગુણોના ભંડાર, એમના ગુણ ઉપાડો, જીવનને સજાવો શુભ કાજ. ગણેશજી કેમ કલ્યાણનું પ્રતીક મનાય છે, કારણ તેમનાં દરેક અંગોમાં રહસ્ય છુપાયેલું છે.

**આંખ :** નાની એમની આંખ સંદેશ આપે છે કે દરેક પરિસ્થિતિને સૂક્ષ્મતાથી સભાનતાથી મૂલવવી. જેથી આવનાર સંકટ ટળી શકે.

**મસ્તક :** મોટું માથું આપણને મહાન વિચારોનો સંગ્રહ કરવાનું સૂચવે છે.

કાન-મોં : તેમના મોટા કાન અને નાનું મોં કહે છે કે આપણે વધારે સાંભળીએ અને ઓછું બોલીએ, એક ગણું બોલીએ અને ત્રણ ગણું સાંભળીએ.

નાક : આજુબાજુનાં વાતાવરણની મહેંકથી પરિસ્થિતિ ઓળખી લઈએ.

પેટ : મોટું પેટ કહે છે કે સારું-ખરાબ બધું પચાવી જઈએ.

છેલ્લે રિદ્ધિ-સિદ્ધિ ગણેશજીની બે પત્નીઓ છે અને જ્યાં પતિ હોય ત્યાં સહધર્મચારિણીઓ હોય તે નાતે શ્રી ગણેશજીની પૂજાની સાથે રિદ્ધિ એટલે સફળતા આપોઆપ ત્યાં આવે છે.

પીઠી ચોળવી : આ રસમમાં લાગણી અને એકાતનાં દર્શન થાય છે. કહેવાય છે કે,

'પીઠી રે ચડી ત્યાં બાળપણ ઊતર્યાં,
મીંઢોળે બાંધી લીધા હાથ રે,
પેરી રે ચૂડલી ત્યાં કાચા થઈ પારકી રે,
સખીઓએ છોડી દીધો સંગાથ રે.

પીઠીમાં હળદર, કંકુ, અત્તર, વ. હોય છે. હળદર ચેપ વગેરેથી બચાવે છે. કંકુ-અત્તર રૂપ નિખારી, શરીર સુગંધિત બનાવે છે. તેમ જીવન પણ સુગંધિત બનાવજો.

વર-કન્યાને મીંઢળ : અત્યાર સુધી તમે બ્રહ્મચર્યાશ્રમમાં હતાં, હવે ગૃહસ્થાશ્રમમાં જશો. ત્યાં સંયમિત જીવન બનાવશો. બીજું, પહેલાં રજવાડામાં ખોરાકમાં ઝેર વ. આપી દેવાતું, ત્યારે મીંઢળ ઘસીને પીવાથી ઊલટી થઈ જતી અને જીવ બચી જતો, તેથી મીંડળ હાથવગું રખાતું જેથી શોધવું ન પડે.

સાસુજીને વરને પોંખવા પાછળનો આશય : સાસુ ચાર મૂઠિયાં ચાર દિશામાં નાખે છે. મતલબ કે ચારેય દિશાના દેવતાઓ તમારું રક્ષણ કરે.

પોખણિયાના ક્રમનો મતલબ :

૧) ધૂંસરું : બળદની ખાંધે ધૂંસરું હોય છે. તે ખાંધે મૂકીને ગાડાનો ભાર વહન કરે છે, તેમ તમારે પણ સંસારગાડાનો ભાર વહન કરવાનો છે. જવાબદારી નિભાવવાનું શીખવે છે.

૨) રવૈયો : સંસારરૂપી ગોળીમાં પડશો એટલે તમારી સ્વતંત્રતા છીનવાઈ જશે. દરેક વ્યવહારો-અગવડો-સગવડોમાં વલોવાઈ જવું પડશે. દરેક જવાબદારી નિયમિતરૂપે નિભાવવી પડશે.

૩) તીર : તીર એટલે લક્ષ્ય – ધ્યેય જીવનમાં ધ્યેય હોવું જોઈએ, એકાગ્રતા હોવી જોઈએ. જેથી પ્રતિકાર કરવાની શક્તિ આવે.

૪) ત્રાક : ગૃહસ્થાશ્રમની જવાબદારી ત્રાકની જેમ તમારી પર વીંટળાશે ત્યારે સહનશક્તિ કેળવવી પડશે.

૫) સાંબેલું : સાંબેલું ખાંડણિયામાં પડેલાં ડાંગરનાં ફોતરાં કૂટી કૂટીને કાઢી નાખે છે, તેમ તમારે પણ સંસારરૂપી ખાંડણિયામાં ખંડાવું પડશે. ધીરજ રાખશો તો સારાં ફળ મળશે.

તડતડિયા : તે સંપુટને વરરાજા પગ મૂકીને ફોડે છે અને કહે છે કે અમે બંને જુદા હોવા છતાં એકબીજાં સાથે પ્રેમના તંતુથી, આત્મચીતાથી એવાં તો જોડાયેલાં રહીશું કે બે કોડિયાંની જેમ જુદા પડીશું નહીં અને એક રહી, બંને એક બની આવતી બધી જ મુશ્કેલીઓ દૂર કરીશું. આ સંપુટ પાછળનું રહસ્ય મંગલ-વિજયનું પ્રસ્થાન પણ છે.

સાસુજી વરનું નાક પકડે : સાસુજી નાક પકડીને કહે છે કે જીવનમાં નાકને સાચવજો. નાક એટલે આબરૂ, ઈજ્જત કદી ગુમાવશો નહીં, કારણ તેના વિના જીવનની ગરિમા, ગૌરવ કાંઈ જ નથી.

લગ્નવિધિ : 'સંસારની અવજ્ઞા ન કરો, ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે. ઋષિઓ અને અવતારો બધા જ ગૃહસ્થી હતા.'

સાસુ-સસરા વરના પગ ધૂએ છે. તે વરને વ્યક્તિ ન સમજતાં વિષ્ણુ-પાલનકર્તા સમજી પોતાની દીકરી તેમને સોંપે છે અને પગ ધૂએ છે. આ કન્યાદાનનું પુણ્ય પણ પોતાના પિતૃઓને આપે છે. કેટલી નમ્રતા! કેટલી કૃતજ્ઞતા! ખરેખર આ ભારતીય સંસ્કૃતિ સામે મસ્તક ઝૂકી જાય છે.

લાજોહોમવિધિ : આમાં ભાઈ જવ-તલ બહેનને, બહેન-પતિને અને પતિ અગ્નિમાં હોમે છે. મતલબ ભાઈ-પિતૃગોત્રમાંથી બહેનને મુક્ત કરે છે અને બહેનને પતિગોત્રમાં સ્વીકારવામાં આવે છે. ત્યારથી પત્ની પાછળ પતિનું નામ લખાય છે.

વર-કન્યાને ગળામાં નાડાછડી પહેરાવાય છે જે ઐક્યનું પ્રતીક છે. મંગળસૂત્ર એ મંગલ કામનાઓનું પ્રતીક છે. સેંથામાં સિંદૂર એ સમર્પણનું પ્રતીક છે. કપાળે ચાંદલો એ સૌભાગ્યનું પ્રતીક છે.

મંગળફેરા : પહેલે ફેરે દેહ સમર્પણ, બીજે ફેરે ધર્મસમર્પણ, ત્રીજે ફેરે જીવન જોડ્યાં, ચોથે ફેરે આત્મન સોંપ્યાં.

પથ્થરને પગ અડાડવો : મંગળફેરા ફરતાં ઈશાન ખૂણામાં મૂકેલા પથ્થરને જમણો પગ અડાડવા પતિ-પત્નીને કહે છે કે, તું હવે તારી વૃત્તિઓને આ પથ્થરની જેમ સ્થિર રાખજે. ચલિત ન કરજે, જેથી આપણો ગૃહસ્થાશ્રમ સદા સ્થિર રહે.

કંસાર જમણવિધિ : પતિ-પત્ની એકબીજાને કંસાર

જમાડે છે. તે વખતે કહે છે કે મારા પ્રાણ સાથે તારા પ્રાણ, હાડકાં સાથે હાડકાં, માંસ સાથે માંસ, ચામડી સાથે ચામડી જોડું છું. શરીર ભલે જુદા હોય પણ આપણું ભાવાદ્વૈત એક રહો.

''એક આચાર, એક વિચાર, હૃદય થયા સમજોડ
દ્વૈતનું મિલન મધુરું, જાણે સારસ પક્ષીની જોડ.''
કંસાર જેવો મીઠો રહે સંસાર

જાન-વિદાય :

દુઃખિયા કીધી દીકરી, મરણ લગી નહીં વીસરે
પિયર છોડ્યું તો સાસરિયાને, આજીવન સંભાળજે
પ્રિતે પતિ આજ્ઞા આપે તો, પિયર ભણી પધારજે
ગુડિયા વધારે શું કહું તને, કુળની લાજ વધારજે.

**લગ્નોત્સુક યુગલોને**

તમારો જીવનપંથ
પ્રેમનાં પુષ્પોના પમરાટથી પુલકિત થાય
તમારા જીવનબાગમાં
આહ્લાદ, ઉમંગ, ઉલ્લાસ, અમૃતની વર્ષા થાય
તમારો પ્રેમ
ગીત બને, સંગીત બને, કવિતા બને, નૃત્ય બને
તમારું અસ્તિત્વ
સમસ્ત ધરાનાં ફૂલોની સુગંધથી મહોરી ઊઠે
તમારું નિવાસ
મધુશાલા બને, જ્યાં સદાય મસ્તીની મહેફિલ રચાય
તમારું દ્વૈત
ઐક્યમાં પરિણમે, એ જ અંતરની અભિલાષા

## દીકરી મારી વહાલનો દરિયો...!

દીકરી તારું પાનેતર, હું આજ ખરીદી લાવ્યો છું,
તારી-મારી જુદાઈનું, હું બીજ વાવીને આવ્યો છું... દીકરી તારું...
નાનાં-નાનાં પગલાં ભરતી, કાલી-ઘેલી બોલી,
અતીતની એ યાદોમાં, હું આજ ખોવાયો છું... દીકરી તારું...
પાંચિકા ને સંતાકૂકડી, તું કેવું મઝાનું રમતી'તી
તારા માટે જીવનનો, શણગાર લઈને આવ્યો છું... દીકરી તારું...
તારી ઢીંગલીનાં લગ્નમાં ખૂબ મહાલ્યો રે બેટા,
મારી ઢીંગલીનાં લગ્નમાં, ઢીલો થઈને આવ્યો છું... દીકરી તારું...
કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટતો જાય,
પિયરિયાંના પથ મૂકીને, સાસરિયે સોહાય ... દીકરી તારું...
દીકરી મારી વહાલનો દરિયો, મનનો મૂંઝાયો છું
તુજને અળગી કરવાને, હું વિવશ બનીને આવ્યો છું... દીકરી તારું...

## જીવનસાથીની પસંદગી કરતાં પહેલાં જો... જો...

★ ખોટી આંગળીએ વીંટી ન પહેરશો અર્થાત્ લાગણીથી દોરવાઈને નિર્ણય ન કરશો બુદ્ધિપૂર્વક અને શાંતચિત્તે પસંદગી કરો.

★ કંજૂસ ન બનશો અર્થાત્ તમે તમારા જીવનસાથીને પસંદ કરતાં મુલાકાતમાં બે ચાર પ્રશ્નો પૂછીને નિર્ણય ન લેશો, તેને અનેક જાતના પ્રશ્નો પૂછશો અને સામેના પાત્ર વિશે પૂરી જાણકારી મેળવી લેશો.

★ તમારા પસંદગીના પાત્ર અને તમારી વચ્ચેનો ગાળો યોગ્ય હોવો જરૂરી છે. (૨ થી ૫ વર્ષનો તફાવત આદર્શ કહી શકાય)

★ દબાણોથી દૂર રહી અર્થાત્ આજકાલ ઘણી વખત કુટુંબના સભ્યો કે મિત્રો પણ દબાણ આપે છે, પરંતુ આવા દબાણને વશ થયા વગર જ પસંદગી કરજો.

★ ગ્રહોથી ગૃહને બાંધતા વિચારજો અર્થાત્ આજકાલ જન્માક્ષર જોયા પછી જ નિર્ણય લઈશું તેવી માન્યતા ઘણા ધરાવે છે, પણ જન્માક્ષરની યથાર્થતા હોય તો જ લગ્નજીવન સુખી બને છે. માટે તમારો તર્ક કે તમારી પરીક્ષણશક્તિનો પણ ઉપયોગ કરજો.

★ ડરથી હા ન પાડશો. ઘણી વાર યુવક કે યુવતીને પાંચ-છ જગ્યાએથી નેગેટિવ જવાબ મળે પછી ઉભયપાત્ર ડર અનુભવે છે અને જીવનમાં સંશય લાવે છે અને ઘણી વાર બીકથી હા પાડી દે છે.

★ માત્ર લાંબા કેશકલાપ કે ઊજળી ત્વચાથી અંજાઈને જીવનસાથીની પસંદગી કરવાની જરૂર નથી. સામેના પાત્રના ગુણને પણ પ્રાધાન્ય આપવું પડશે Sense of humour હોવું ઘટે. માત્ર સડસડાટ અંગ્રેજી બોલી જાણનાર કે છટાથી રમત રમનારના જીવનમાં ગુગલી બૉલ નહીં પડે તેવી ભ્રમણામમાં રહેવાની જરૂર નથી.

★ બે પાટા વચ્ચેનું અંતર મોટું ન હોય. બંને પાત્રો વચ્ચે જો વિચારોમાં લાંબું અંતર હોય તો ગાડી પાટા પરથી ક્યારેક ઊતરી જ જવાની છે. માટે તમારા સામેના પાત્રના અને તમારા વિચારો વચ્ચે શક્ય તેટલી નિકટતા આવશ્યક છે.

★ ટોચકું જોઈને આઈસ બર્ગનો અંદાજ ન બંધાય. આજકાલ યુવતીઓ કે યુવકો માત્ર બાહ્ય દેખાવ, પૈસા જેવા ક્ષુલ્લક ટોચકાં પ્રત્યેથી સમગ્ર જીવનને માપી લે છે અને લગ્ન પછી જીવન પહાડ બની જાય છે.

# ।। સપ્તપદી ।।

લગ્ન એ આજીવન સાથે રહેવાનું વ્રત છે, દીક્ષા છે અને સપ્તપદી એ ચિરસહવાસની પ્રતિજ્ઞાનું પ્રતીક છે. આજે જ્યારે વ્યક્તિસ્વાતંત્ર્યનો પવન ચોમેર ફૂંકાવા લાગ્યો છે અને ઠેર ઠેર સ્ત્રીને પુરુષ-સમોવડી બનાવવાનાં બણગાં ફૂંકાય છે ત્યારે તો સપ્તપદીમાંની વધૂની પ્રતિજ્ઞાઓ વિશેષરૂપે સમજવા જેવી લાગે છે. સ્ત્રી પુરુષ બને, એમાં એનો વિકાસ નહીં, પરંતુ અધઃપતન છે. સ્ત્રી પણ પુરુષની માફક અર્થોપાર્જન કરી શકે એમ કહીને કેટલાક ચાલાક લોકોએ પુરુષોની કમાવાની એકમાત્ર જવાબદારીનો બોજો પણ બીજી અનેક જવાબદારીઓથી લદાયેલી સ્ત્રી પર નાખી દીધો. પુરુષોની સ્ત્રીસમાનતાની મધુર ભાષાની પાછળ રહેલી આ ચાલાકી કે લુચ્ચાઈને ભોળી સ્ત્રી સમજી શકી નહીં અને દિવસભર ઘરમાં તેમ જ બહાર યંત્રવત્ દોડવા લાગી. પરિણામે સંસારમાંનું કાવ્ય ખલાસ થયુ. જીવન એ મજા ન લાગતાં સજા બની ગયું.

સ્ત્રીને આર્થિક સ્વાતંત્ર્ય સાંપડતાં તે થોડી વધુ અહંકારી અને ભોગવાદી બનવા લાગી. તેના જીવનમાં રહેલો સમર્પણભાવ સુકાવા લાગ્યો. પરિણામે સમાજમાં છૂટાછેડાના કિસ્સાઓ વધવા લાગ્યા. સ્ત્રી એ પુરુષ કરતાં વધારે ધાર્મિક અને શ્રદ્ધાળુ છે એ વર્ષોથી ગ્રહિત પકડેલી આપણી સમજણ ખોટી સાબિત થઈ. આજે થોડું શિક્ષણ પામતાં અને આર્થિક સ્વાતંત્ર્ય સાંપડતાં આધુનિક સ્ત્રી વધુ ને વધુ ભોગવાદી અને ઓછી ને ઓછી ધાર્મિક થતી જાય છે, એવું વિચારશીલ અને સુજ્ઞ સમાજશાસ્ત્રીઓનું કહેવું છે.

'न स्त्री स्वातंत्र्यमर्हति।' એ વાક્ય મનુએ આર્થિક સ્વાતંત્ર્યને ઉદ્દેશીને લખ્યું છે, પરંતુ પૂર્વાપર સંબંધ સમજ્યા વગર કેટલાય ઉતાવળિયા લોકોએ તેના પર નિરર્થક પ્રહારો કર્યા છે. સ્ત્રી અર્થોપાર્જન ન કરે અને છતાંય તેને પારતંત્ર્ય સાલે નહીં એવી સુંદર વ્યવસ્થા આપણા શાસ્ત્રકારોએ કરી હતી. પુરુષ વિત્ત કમાવે અને કમાવેલું બધું જ વિત્ત સ્ત્રીના હાથમાં આપી દે. વિત્તની વ્યવસ્થા સંપૂર્ણ રીતે સ્ત્રીના હાથમાં રહે, પુરુષ પણ પોતાને જોઈતા પૈસા સ્ત્રી પાસેથી માગી લે. આમાં સ્ત્રીનું ગૌરવ જળવાતું અને પુરુષ પણ યથેચ્છ પૈસો ન વાપરી શકવાથી સ્વૈરાચારથી અટકતો. સ્ત્રી એ ગૃહની સમ્રાજ્ઞી ગણાતી, ઘર સ્ત્રીનું ગણાતું અને પોતાની પ્રેમશક્તિથી તે ઘરને સ્વર્ગ બનાવતી.

આજના કાળમાં લગ્નપ્રસંગનું ગાંભીર્ય ચાલ્યું ગયું છે. વિવાહ એ સંસ્કાર ન રહેતાં સમારંભ બની ગયો છે. તેમાં મંત્રશ્રવણને બદલે મહેમાનોની સરભરાને વધુ મહત્ત્વની ગણવામાં આવે છે, પાવિત્ર્ય કરતાં પ્રદર્શનનું વધારે મૂલ્ય આંકવામાં આવે છે. ચલચિત્રોનાં અશ્લીલ ગીતોનો ઘોંઘાટ ચારિત્ર્યસૃજનના ભાવમંત્રોને અશ્રાવ્ય બનાવી દે છે.

દામ્પત્યજીવન સ્નેહમય બનાવવા શાસ્ત્રકારોએ વરવધૂને માટે પરસ્પર પાળવાના કેટલાક નિયમો દર્શાવ્યા છે. સપ્ત અચલોનું પૂજન કરી બંને જણા દૃઢ નિયમ પરિપાલન દ્વારા પોતાનું સહજીવન સુખમય બનાવવા પ્રતિજ્ઞાઓ કરે છે, જેને સપ્તપદી કહેવાય છે. સપ્તપદીનું વિવાહસંસ્કારમાં વિશેષ મહત્ત્વ છે. સપ્તપદી થયા પછી વિવાહ પૂર્ણ થયેલો ગણાય છે. મનુ આદિ સ્મૃતિઓનાં વચન છે કે –

नोदकेन न वा वाचा कन्यायाः पतिरिष्यते।
पाणिग्रहण संस्कारात् पतित्वं सप्तमे पदे।।

અર્થાત્ – વાગ્દાન કે સંકલ્પ દ્વારા કન્યાદાન લેવા માત્રથી જ પુરુષ પતિ થઈ શકતો નથી, પણ પાણિગ્રહણ સંસ્કાર, વિવાહકર્મ, અગ્નિપરિક્રમણ થયા પછી સપ્તપદી એટલે સાત પગલાંની મૈત્રીવિષયક પ્રતિજ્ઞાઓ થાય ત્યારે પુરુષનું પતિપણું સિદ્ધ થાય છે.

ભગવાન પાણિનિના 'साप्तपदीनंसख्यम्' સૂત્ર તથા 'सतांसप्तपदी मैत्री' આદિ વચનોથી સિદ્ધ થાય છે કે સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે. મિત્ર તરીકે સ્વીકાર કર્યા પછી મિત્રધર્મ અનુસાર એક મિત્ર બીજા મિત્રને પાપ-દોષ, દુર્ગુણોથી મુક્ત કરે છે, હિતના માર્ગે તેને પ્રવૃત્ત કરે છે, તેના દોષોને ઢાંકે છે અને તેના ગુણોની પ્રશંસા કરે છે. આપત્તિના સમયમાં ત્યાગ કરતો નથી તે જ સાચો મિત્ર છે.

દામ્પત્યમાં પણ પરસ્પર ત્યાગભાવનાયુક્ત આવો નિષ્ઠાવાન મૈત્રીભાવ અનિવાર્ય છે. આ મૈત્રીભાવ પ્રાપ્ત થવા માટે વિવાહસંસ્કારમાં સપ્તપદી સમયે સપ્ત અચલોનું પૂજન કરવાનું હોય છે. તેનો હેતુ એ છે કે, જે પ્રમાણે આ સાત અચલો (પર્વતો) પોતાના સ્થાનથી ચલાયમાન ન થતાં દૃઢ રહે છે તે પ્રમાણે અમો વર-વધૂ પણ દામ્પત્યજીવનમાં સાત પ્રતિજ્ઞાઓના પરિપાલનમાં ચલાયમાન ન થતાં દૃઢ રહીશું અને અમારો ગૃહસ્થાશ્રમ ઉત્કૃષ્ટ, દૈવી, તેજસ્વી બનાવી ભગવદ્-કાર્ય પરાયણ થઈશું.

**વર પ્રતિજ્ઞા**

ॐ एकमिषे विष्णुस्त्वा नयतु । सा मामनुव्रता भव।१

હે પ્રિયે! તને સર્વ પુરુષાર્થના સાધનભૂત એવા આ મુખ્ય ભૂલોકમાં સૌભાગ્ય તથા ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય અને મારા ઘરમાં અન્ન, વસ્ત્ર, દ્રવ્ય આદિ ઘરની પ્રત્યેક વસ્તુઓ સંભાળવામાં મને મદદ કરવા માટે તું મારા ઘરની અધિકારિણી થા અને મારા મનની શુભ વૃત્તિઓને અનુસરનારી થા. ૧

ॐ द्वे उर्जे विष्णुस्त्वा नयंतु । सा मामनुव्रता भव।।२

હે પ્રિયે! તને ભૂર્લોક અને ભૂવર્લોકમાં બળવતી રહેવા માટે ભગવાન વિષ્ણુ સહાયરૂપ થાઓ, કારણકે તારા બળથી મારા બળમાં વધારો થશે. બળવાન બનેલી તું મને અનુસરનારી થા. ૨

ॐ त्रीणी रायस्पोषाय विष्णुस्त्वा नयतु ।
सा मामनुव्रता भव।।३

હે પ્રિયે! તું ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્ગલોકના સ્થાનમાં મારા ધનની વૃદ્ધિ અને સંભાળ રાખવા માટે મારા ઘરની અધિકારિણી

થા અને મારા મનની શુભ વૃત્તિઓને અનુસરનારી થા. ૩

ॐ चत्वारि मायोभवाय विष्णुस्त्वा नयतु ।
सा मामनुव्रता भव।।४

હે પ્રાણપ્રિયે! ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક અને મહર્લોકમાં મને સુખ પ્રાપ્ત થાય તે માટે મારા ઘરની અધિકારીણી થઈ મારી શુભ મનોવૃત્તિઓને અનુસરનારી થા. ૪

ॐ पंच पशुभ्यो विष्णुस्त्वा नयतु ।
सा मामनुव्रता भव।।५

હે પ્રિયે! તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક આ પાંચ લોકનાં સ્થાનોમાં ભગવાન વિષ્ણુની કૃપાએ મને સુખ આપનારી થા અને ઘરનાં ગાય, ભેંસ વગેરે ગોરસ આપનાર પશુઓનાં રક્ષણ માટે મારા ઘરની અધિકારિણી થા, તથા મારી શુભકામનાઓ પૂર્ણ કરવામાં મને અનુસરનારી થા. ૫

ॐ षड् ऋतुभ्यो विष्णुस्त्वा नयतु ।
सा मामनुव्रता भव।।६

હે પ્રિયે! તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક અને તપોલોકનાં સ્થાનમાં તથા વસંત આદિ છ ઋતુઓમાં ભગવાન વિષ્ણુની કૃપાથી મારી સાથે ઉત્તમ સુખ ભોગવનારી તથા મારી શુભકામનાઓ પૂર્ણ કરવામાં મને અનુસરનારી થા. ૬

ॐ राखे सप्तपदा भव, सा मामनुव्रता भव ।
विष्णुस्त्वा नयतु।।७

હે પ્રિયે! તું ભૂર્લોક, ભૂવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોકનાં સુખોની પ્રાપ્તિ માટે પતિવ્રતા ધર્મનું યથાર્થ રીતે પાલન કરી મારી સાથે દિવ્ય ઉત્તમ સુખ ભોગવનારી, ભગવાન વિષ્ણુની કૃપાથી થા.

પતિવ્રતા ધર્મપાલનના બળથી સાવિત્રી વગેરે પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિને અનેક મહાસંકટોમાંથી બચાવી શકી હતી. જીવન સુખમય બનાવવા માટે પતિવ્રતા સ્ત્રીઓની શુભનિષ્ઠા બહુ જ ઉપકારક થાય છે, તેથી તું પતિવ્રતા રહી મને દૈવી સુખ આપનારી, ભગવાન વિષ્ણુની કૃપાએ થા. ૭

मदीय चित्तानुगतंच चितं सदा मदाज्ञा परिपालनं च।
पतिव्रता धर्मपरायणा त्वं कुर्याः सदा सर्वमिमं प्रयत्नम्।।

મારા ચિત્તને અનુસરનારી તારા ચિત્તની વૃત્તિ રાખ, હંમેશાં મારી આજ્ઞાનું પાલન કર તથા પતિવ્રતા ધર્મનું પાલન કરી આપણું દામ્પત્યજીવન સુખમય બનાવવા પ્રયત્ન કર.

વિવાહ સંસ્કારનું પાવિત્ર્ય જળવાવું જોઈએ. સ્ત્રીને માટે તો લગ્ન એ નવા અવતાર સમું છે. નવું જીવન, નવું વાતાવરણ, નવા સંબંધીઓને તેણે આત્મસાત્ કરવાનાં હોય છે, સાત પગલાં સાથે ચાલવાથી મૈત્રી થાય છે એવું શાસ્ત્રવચન છે :

'प्राहुः सप्तपदं मैत्रं बुधाः तत्त्वार्थदर्शिनः'

**'સ્નેહ થકી મૈત્રી બંધાતી, ચાલી પગલાં સાત;**
**સ્નેહશૂન્ય છે સાવ નકામો, જીવનનો સંગાથ!**

વિવાહસંસ્કારમાં તેથી જ સપ્તપદીનું આગવું મહત્ત્વ છે. તેમાં કન્યા દરેક પગલે અનુક્રમે નીચે મુજબની સાત પ્રતિજ્ઞાઓ લે છે.

'त्वत्तो मेऽखिलसौभाग्यं पुण्यैस्त्वं विविधैः कृतैः।
देव! संपादितो मह्यं वधूराद्ये पदेऽब्रवीत्।।'

'હે દેવ! મેં જન્માન્તરમાં વિવિધ પ્રકારે કરેલાં પુણ્યના પ્રતાપથી તમારી પ્રાપ્તિરૂપ મારું સૌભાગ્ય મેળવ્યું છે, એમ કન્યા વરને પહેલા પદથી કહે છે.'

'कुटुंबं पालयिष्यामि ह्यावृद्धबालकादिकम्।
यथालब्धेन संतुष्टा ब्रूते कन्या द्वितीयके।।'

'હું તમારા બાળકથી તેમ જ વૃદ્ધાવસ્થા સુધીના કુટુંબનું પાલન કરીશ અને મને નિર્વાહાર્થે જે મળશે તેમાં સંતોષ પામીશ, એમ કન્યા વરને બીજે પદે કહે છે.'

'मिष्टान्नव्यंजनादिनी काले संपाद्ये तव।
आज्ञासंपादिनी नित्यं तृतीये साऽब्रवीद्वरम्।।'

'હું પ્રતિદિન તમારી આજ્ઞાનું પાલન કરીશ અને સમયસર મીઠાં અન્ન અને ભોજન તૈયાર કરી આપીશ, એમ કન્યા ત્રીજે પગલે કહે છે.'

'शुचिः शृङ्गारभूषाडहं वांग्मनः कायकर्मभिः।
क्रीडिष्यामि त्वया सार्धं तुरीये सा वदेद्वरम्'

'હું સ્વચ્છતાપૂર્વક સર્વ શણગાર ધારણ કરીને મન, વાણી અને શરીરની ક્રિયા વડે તમારી સાથે ક્રીડા કરીશ, એમ તે કન્યા વરને ચોથે પગલે કહે છે.'

'दुःखे धीरा सुखे हृष्टा सुखदुःखविभागिनी।
नाहं परतरं यामि पंचमे साऽब्रवीद्वरम्।।'

'દુઃખમાં ધીરજ રાખનારી અને સુખમાં પ્રસન્ન થનારી હુંતમારા સુખદુઃખમાં સહભાગી થઈશ અને હું કદાપિ પરપુરુષનો સંગ કરીશ નહીં, એ પ્રમાણે પાંચમે પગલે તે કન્યા વરને કહે છે.'

'सुखेन सर्वकर्माणि करिष्यामि गृहे तव।
सेवा श्वसुरयोश्चापि बन्धूनां सत्कृति तथा।।
यत्रं त्वं वा अहं तत्र नाहं वंचे प्रियं क्वचित्।
नाहं प्रियेण वज्च्या हि कन्या षठे पदेऽब्रवीत्।।'

'હું તમારા ઘરનાં સર્વ કામો સુખપૂર્વક કરીશ, તથા સાસુ-સસરાની સેવા અને બીજા સંબંધીઓનો સત્કાર કરીશ. જ્યાં તમે હશો ત્યાં હું રહીશ. હું મારા પ્રિય (સ્વામી)ને ક્યારે પણ છેતરીશ નહીં અને હું પણ સ્વામીથી નહીં છેતરાઉં, એમ કન્યા છઠ્ઠે પગલે કહે છે.'

'होमयज्ञादिकार्येषु भवामि च साहाय्यकृत्।
धर्मार्थकामकार्येषु मनोवृत्तानुसारिणि।।
सर्वेऽत्र साक्षिणस्त्वं मे पतिभूतोऽसि सांप्रतम्।
देहो मयार्पितस्तुभ्यं सप्तमे साऽब्रवीद्वरम्।।'

'હે સ્વામી! હોમ યજ્ઞાદિ કાર્યોમાં હું તમને સહાય કરીશ અને ધર્મ, અર્થ તથા કામસંબંધી કાર્યોમાં હું તમારી ઇચ્છાને જ આધીન થઈશ. અહીં આ અગ્નિદેવ, બ્રાહ્મણ અને મારાં માતા-પિતાદિ સંબંધી વર્ગના સાક્ષીપણામાં તમે મારા સ્વામી થયા છો

અને હું મારું સર્વસ્વ તમને અર્પણ કરું છું, એમ તે કન્યા વરને સાતમે પગલે કહે છે.'

(નોંધ : જુદા જુદા પ્રદેશોમાં ભિન્નભિન્ન લગ્નપ્રણાલિકા પ્રચલિત હોવાથી સપ્તપદીના શ્લોકો ભિન્ન રહેવા સંભવ છે.)

કેવો મધુર અને મનોહારી ભાવ રહેલો છે આ સપ્તપદીની પાછળ! પ્રથમ પ્રતિજ્ઞામાં વધૂનો પોતાના પતિ માટેનો ભાવ અભિવ્યક્ત થાય છે. પતિ તેને પોતાનું સર્વસ્વ લાગે છે. પતિને જ તે પોતાનું સૌભાગ્ય ગણે છે, એટલું જ નહીં, પરંતુ આજથી તે તેના નામે કપાળે ચાંદલો કરી પોતાનું ભાગ્ય પતિ સાથે જોડી દે છે. પતિની પ્રાપ્તિને તે પોતાના જન્માન્તરનાં પુણ્યકર્મનું ફળ માને છે.

બીજી પ્રતિજ્ઞામાં તે સમગ્ર કુટુંબનું પાલન કરવાની તેમ જ યથાલબ્ધ પદાર્થોમાં સંતોષથી રહેવાની ખાતરી આપે છે. સ્ત્રી માત્ર પતિ સાથે જ ન પરણતાં સમગ્ર કુટુંબ સાથે જોડાય છે, એ ભારતીય આદર્શનું અહીં દર્શન થાય છે. કુટુંબના નાના-મોટા દરેક સભ્યને પોતાનાં પ્રેમ અને સેવાથી વશ કરી લેવાની જવાબદારી તે પોતાના શિરે લે છે. સંતોષ વગર સુખ નથી એ વાતની વધૂને પ્રતીતિ છે. પતિનું તેજ ટકાવવું એ સ્ત્રીના હાથની વાત છે. અરુંધતીએ વસિષ્ઠનો સંસાર તેજસ્વી બનાવ્યો હતો, અને તેથી જ લગ્ન વખતે વર પોતાની વધૂને અરુંધતીનો તારો દેખાડે એવી વિધિ છે. એ ક્રિયા દ્વારા એવું સૂચન કરાય છે કે તું પણ મારો સંસાર આવો તેજસ્વી બનાવજે.

ત્રીજી પ્રતિજ્ઞામાં વધૂ આજ્ઞાપાલક બનવાની અને રોજ સ્વાદિષ્ટ અને મધુર રસોઈ જમાડવાની ખાતરી આપે છે. મનગમતી રસોઈ એ જ મિષ્ટાન્ન! સ્ત્રી એ રસોડાની રાણી કહેવાય છે. મારા પતિને હું જ જમાડીશ એવો મધુર ભાવ એમાં રહેલો છે. રસોઈ, એ સ્ત્રીને ઉપહાસનું નહીં, ઉલ્લાસનું કામ લાગવું જોઈએ. 'कान्ता कराग्र पचितम्' અન્ન ખાવામાં મધુરતા છે. મહારાજ જમાડે અને સૌ પોતપોતાના અનુકૂળ સમયે જમી જાય તો એ વીશી ગણાય, ઘર નહીં. જમતી વખતે પણ પતિ-પત્ની પ્રેમથી ભેગાં બેસતાં નથી એવા આ કાળમાં આ પ્રતિજ્ઞાનું પુનઃ મનન કરવાની જરૂર છે. મધુર વાતાવરણમાં જમાય તે મિષ્ટાન્ન! પ્રેમ ભોજ્ય પદાર્થોની મીઠાશને વધારે છે.

ચોથી પ્રતિજ્ઞામાં વધૂ સ્વચ્છ, પવિત્ર તેમ જ શૃંગારથી યુક્ત રહેવાની વાત કરે છે. મન, વાણી અને કર્મથી તે પતિ જોડે જ રમમાણ રહેવાનું વચન આપે છે. સુઘડતા, સ્વચ્છતા, શણગાર વગેરે દાંપત્યજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણી સ્ત્રીઓ પરણ્યા પછી આ બાબતમાં ઉદાસીનતા સેવે છે અને પરિણામે પતિનો પ્રેમ કે ઉષ્મા ખોઈ બેસે છે. પત્ની થયા પછી પણ સ્ત્રીએ પતિની પ્રિયતમા મટી જવાનું નથી એ વાત ધ્યાનમાં રહેવી જોઈએ. વળી સ્ત્રી, એ પતિને રમવા માટેનું ભોગનું કેવળ રમકડું કે સાધન નથી, પરંતુ રમતમાં તેણે તેના સાથીદાર બનવાનું છે. પત્ની તરફથી મળતો ઠંડો આવકાર પતિને બહિર્ગામી બનવા પ્રેરે છે. પત્ની સદાય પતિના મનનું આકર્ષણ કેન્દ્ર રહેવી જોઈએ. પાંચમી પ્રતિજ્ઞામાં વધૂ સુખદુઃખમાં સમભાગિની બનવાની ખાતરી આપે છે. સુખ વહેંચવાથી વધે છે જ્યારે દુઃખ વહેંચવાથી ઘટે છે. આ રીતે સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરી સ્ત્રી સંસારમાં સ્વર્ગ સર્જે છે. સ્ત્રી પતિના સુખે સુખી અને તેના દુઃખે દુઃખી થાય છે. દુઃખના પ્રસંગે તે પુરુષના અશ્રુ લૂછે છે અને તેને ધૈર્ય આપે છે. એકાદ વાત મનગમતી ન થાય તો છૂટાછેડા લેવાનું વિચારતી આજની સ્ત્રીએ આ પ્રતિજ્ઞા પર મનન કરવા જેવું છે.

છઠ્ઠા પગલે વધૂ ઘરનાં બધાં જ કામો આનંદથી કરવાની, વડીલોની સેવા કરવાની તેમ જ સગાસંબંધીઓનો સત્કાર કરવાની પ્રતિજ્ઞા લે છે, પતિ જ્યાં રહેશે ત્યાં અવંચક થઈને રહેવાની ખાતરી આપે છે તેમ જ પતિ તરફથી પોતાને છેતરવામાં ન આવે તેવી પ્રાર્થના કરે છે. ગૃહકાર્ય એ સ્ત્રીને બોજો ન લાગતાં આનંદનો વિષય લાગવો જોઈએ. **"Work willingly done becomes play."** વળી વડીલોની સેવા કરવાથી તેમની છત્રછાયા પણ સાંપડી રહે છે. પતિવ્રતા સ્ત્રી પડછાયાની માફક પતિને અનુસરે છે. સીતા કહે છે કેઃ 'રામ વગરની અયોધ્યા મારે માટે અરણ્ય સમાન છે અને રામના સહવાસમાં અરણ્ય પણ મને અયોધ્યા સમાન લાગે છે.' સ્ત્રી સર્વત્ર પતિને જ અનુસરે છે. વળી એકબીજા પ્રત્યેની અવંચકતા સંસારમાં સ્વર્ગ સર્જે છે. વિશ્વાસ એ જ દાંપત્યજીવનનો પાયો છે. સંશયની એક નાનકડી ચિનગારી સમગ્ર સંસારની વિશાળ ઈમારતને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.

સાતમા પગલે વધૂ કહે છે કે, હું યજ્ઞકાર્યમાં તમારી જોડે જ રહીશ. ધર્મ, અર્થ, કામ સંબંધી કાર્યોમાં તમારી ઇચ્છાને આધીન રહીશ. યજ્ઞ એટલે સત્કાર્ય – પતિ જોડે યજ્ઞકાર્યમાં સાથે રહે તે જ પત્ની ગણાય અને નહીં તો તેને માદા કહેવાય. વળી અર્થ-કામમાં તો પત્ની મોટે ભાગે પતિ જોડે રહે જ; તેમાં એની વિશેષતા નથી. ધર્માચરણ એ મહત્ત્વની વાત છે. ધર્મ એ જ માનવની વિશેષતા છે. પત્ની તેમાં પણ પતિ સાથે ઊભી રહે એવી અપેક્ષા છે, તેથી જ તો તેને સહધર્મચારિણી એવું બિરુદ આપવામાં આવ્યું છે. બ્રાહ્મણ, અગ્નિ અને મા-બાપની સાક્ષીએ વધૂ વરને પોતાનું જીવન અર્પણ કરે છે. આ સમર્પણ શરીર પૂરતું મર્યાદિત ન રહેતાં મન, બુદ્ધિ અને અંતે અહંકારના સમર્પણ સુધી આગળ વધવું જોઈએ. આવું એકત્વ સંસારમાં સંગીત નિર્માણ કરે. 'સમગ્રરૂપે હું તારી છું' એવો ભાવ જો વધૂના મનમાં ન પ્રગટે તો વિવાહ એક ઉપહાસ અને લગ્ન એક તમાશો બની રહે! પરણતી વખેત વર-વધૂનો સંકલ્પ હોવો જોઈએ કેઃ 'ભોગ નહિ પણ ભાવનો ભરવો જીવનરંગ;

સ્નેહ થકી સંસારમાં રહેવું સદાયે સંગ!
રંગ થકી રેખા અને રેખાથી વળી રંગ;
રંગ, રૂપ, રેખા તણો જીવનમાં હો સંગ!'

# સમૂહલગ્ન : આજના સમયની તાતી જરૂરિયાત

હાલ પ્રવર્તતી કાળઝાળ મોંઘવારીમાં ગરીબ વર્ગ, મધ્યમ વર્ગ કે ઉચ્ચ મધ્યમ વર્ગની હાલત દિવસેદિવસે કફોડી થતી ગઈ છે. સામાન્ય કુટુંબ માટે ટૂંકી આવકમાં પરિવારજનોનું ભરણપોષણ કરવું ખૂબ જ મુશ્કેલ બનતું જાય છે. કમાનાર એક હોય અને ખાનાર છ હોય ત્યારે કમાનાર ગમે એટલી મહેનત કરે તોપણ બે છેડા ભેગા કરતા તેના નાકે દમ આવી જાય છે. એમાં વૃદ્ધ વડીલોની માવજત અને સંતાનોના ઉછેર પાછળ કમાનાર બેવડ વળી જાય છે. મહિનાના અંતે જોવા જાય તો બચતના નામે મીંડું હોય છે.

એવામાં સંતાનો મોટાં થતાં જાય અને ઉંમરલાયક થતાં માતા-પિતાની ખરી કસોટીનો સમય શરૂ થાય છે, કેમ કે ઉંમર થતાં દીકરા-દીકરીને પરણાવવા તો પડે જ. પરણાવવાલાયક સંતાનોને ક્યાં સુધી ઘરમાં કુંવારાં બેસાડી રખાય. હવે સંતાનોને પરણાવવા એટલે શ્રીમંત પરિવારને તો વાંધો નહિ, પણ સામાન્ય વર્ગનાં કુટુંબ માટે સંતાનો પરણાવવા એટલે લોઢાના ચણા ચાવવા જેવી પરિસ્થિતિ થાય. સૌથી પહેલાં તો લગ્નની તારીખ જોવડાવીને વાડી કે હૉલ બૂક કરાવવા પડે જેના માટે છ મહિના પહેલાંથી દોડાદોડી કરવી પડે. બજેટ ટૂંકું હોય એટલે કેટરર્સવાળો પણ સસ્તો ગોતવો પડે. એ સાથે કંકોત્રીનો ખર્ચ માંડવો પડે. કપડાં-દાગીના વગેરેની તો કલ્પના જ કરવી રહી. છતાંય કરવું તો પડે જ. એમાંય દીકરીનાં માતા-પિતાએ તો માથે હાથ દઈને બેસવું પડે. દીકરીને થોડુંક ઓછું આપશું તો એને જિંદગીભર સાંભળવું પડશે એમ વિચારી કરજ કરીને પણ વ્યવહાર નિભાવવો પડે.

આવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી આવા પરિવારને બહાર કાઢવા વર્ષો પહેલાં સામાજિક કાર્યકરો અને બુદ્ધિજીવીઓએ ચર્ચા-વિચારણા કરી અને એક માર્ગ કાઢ્યો અને એક એવું તારણ કાઢ્યું કે ચાર-છ પરિવારોમાંથી પરણાવવા લાયક યુવક-યુવતીઓને એકસાથે એક જ માંડવે પરણાવવામાં આવે તો કેમ અને તે માટે પ્રયત્નો થવા માંડ્યા અને તેનો જ્યારે અમલ કરવામાં આવ્યો ત્યારે તેને નામ આપવામાં આવ્યું 'સમૂહલગ્ન'. આમ સમૂહમાં લગ્ન કરાવવાનો પ્રારંભ થયો. શરૂઆતમાં સમૂહમાં યોજાતાં આવાં લગ્નને જોઈએ એવો પ્રતિસાદ નહોતો સાંપડ્યો. ત્યારે એમ કહેવાતું કે સમૂહલગ્નમાં તો સામાન્ય કે ગરીબ પરિવારનાં સંતાનોનાં જ લગ્ન થાય. આ વાતને પ્રતિષ્ઠાનો વિષય બનાવવામાં આવ્યો. ગરીબ કે સાધારણ વર્ગના પરિવારો પોતાનાં સંતાનોને આવા સમૂહલગ્નમાં પરણાવવા રાજી નહોતા થતા, પરંતુ નજર સમક્ષ તાંડવલીલા કરતી મોંઘવારી, ટૂંકી આવક અને ઘરમાં ત્રણ-ચાર કે પાંચ સંતાનોની ઉપસ્થિતિ હોય ત્યારે માતા-પિતા શું કરે?

આવા સમયે અનેક સમાજોના આગેવાનો આગળ આવ્યા અને આવી પરિસ્થિતિનો સામનો કરી રહેલા પરિવારો સાથે ચર્ચા-વિચારણા કરી, પરિવારોના વડીલોને 'સમૂહલગ્ન'માં સહભાગી થવાના ફાયદા સમજાવ્યા અને ધીમેધીમે તેમને એ વાત સમજાવી કે 'સમૂહલગ્ન'માં ફક્ત ગરીબ કે મધ્યમ વર્ગના પરિવારોનાં સંતાનો જ નથી જોડાતાં, બલકે જમાનાને અનુરૂપ ઉચ્ચ મધ્યમ વર્ગ અને શ્રીમંતોનાં સંતાનો પણ એમાં હોશેહોશે જોડાતાં હોય છે. 'સમૂહલગ્ન'માં જોડાવામાં કોઈ પ્રકારની નાનપ નથી, બલકે એનાથી અનેક ચિંતાઓમાંથી મુક્ત થઈ જવાય છે, જેમ કે વાડીનો ખર્ચ, ડેકોરેશનનો ખર્ચ, જમણવારનો ખર્ચ, કંકોત્રીનો ખર્ચ, ગોરમહારાજનો ખર્ચ વગેરે ઉઠાવવો નથી પડતો.

આવા 'સમૂહલગ્ન'માં ડિગ્રીધારકો, ડૉક્ટરો, એન્જિનિયરો અને ઉદ્યોગપતિઓનાં સંતાનો પણ સહભાગી થતાં હોય છે એ વાત સામાન્ય પરિવારોને સમજાવવામાં સમાજના આગેવાનોને ભારે જહેમત ઉઠાવવી પડી, પરંતુ ધીમેધીમે એમને સફળતા મળવા લાગી અને અનેક સમાજોમાં 'સમૂહલગ્ન'પ્રચલિત થવા માંડ્યાં.

બ્રાહ્મણ, વૈષ્ણવ, લોહાણા, કચ્છી, જૈન વગેરેએ બદલાઈ રહેલા સમય-સંજોગોને બરાબર પારખી 'સમૂહલગ્ન'ની અગત્યતાને સ્વીકારી પોતાના સમાજમાં 'સમૂહલગ્ન'ના આયોજનને આવકાર્યું. સાધારણ અને મધ્યમ વર્ગના પરિવારો શરમ, સંકોચ કે લઘુતાગ્રંથિ છોડી પોતાનાં સંતાનોનાં લગ્ન 'સમૂહલગ્ન'માં કરવાં લાગ્યાં. આવા 'સમૂહલગ્ન'નાં આયોજનો વિસ્તરે અને વધુમાં વધુ યુવક-યુવતીઓ એમાં સહભાગી થાય એ માટે જે તે સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો અને સમાજસુધારકો આગળ આવ્યા અને આવાં આયોજનો દેશના ખૂણેખૂણે પ્રસરે એ માટે સતત પ્રયત્નો થવા લાગ્યા અને આજે એવો સમય આવ્યો છે કે ભારત દેશનો કોઈ પણ સમાજ એવો નહિ હોય કે

જેમાં 'સમૂહલગ્ન'નું આયોજન ન થયું હોય કે ન થતું હોય.

એક 'સમૂહલગ્ન'ના આયોજન પાછળ જંગી ખર્ચ થતો હોય છે, પણ આ જંગી ખર્ચને પહોંચી વળવા જે તે સમાજના સખાવતી દાતાઓ ઉદારદિલે સહાય કરતા હોય છે. આ રકમ એકઠી કરવાં જે તે સમાજ-સંસ્થાના પ્રમુખશ્રી અને સહકાર્યકર્તાઓ 'સમૂહલગ્ન'ના આયોજન પહેલાં ત્રણ-ચાર મહિનાથી આવા શ્રેષ્ઠીવર્યોનો સંપર્ક કરતા હોય છે.

ઘરમાં એક લગ્ન પ્રસંગ હોય તોપણ કેટલાય દિવસો પહેલાંથી તૈયારીઓ શરૂ કરી દેવી પડતી હોય છે, જ્યારે આ તો અનેકોનાં સમૂહમાં લગ્ન કરાવવાના હોવાથી જે તે સંસ્થાના હોદ્દેદારો દિવસ-રાત એક કરી ભારે જહેમત ઉઠાવતા હોય છે. ધન્ય છે આવા કાર્યકર્તાઓને.

હાલ અનેક સમાજો દ્વારા 'સમૂહલગ્ન'નું ખૂબ જ ધામધૂમથી શાનદાર રીતે આયોજન કરવામાં આવે છે, જેમાં ભાગ લેનાર નવયુગલોને અંદાજે ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની ઘરવખરીની ચીજો ભેટ આપવામાં આવે છે જેમાં વરરાજાને રિસ્ટ વૉચ, સફારી સૂટલેન્ગ્થ સાથે કન્યાને મંગળસૂત્ર, પાનેતર, કંકાવટી, ઘરચોળું જેવી શુકનની ચીજવસ્તુઓ આપવામાં આવે છે. નવયુગલને ઘર વસાવવા માટે જોઈતી તમામ વસ્તુઓનો ઘરવખરીમાં સમાવેશ કરવામાં આવે છે. સખાવતી દાતાઓની દિલેરીને લઈ હવે તો યુગલ દીઠ કલર ટીવી સુધ્ધાં આપવામાં આવે છે. નવયુગલમાં બંને પક્ષને નિર્ધારિત કંકોત્રી અને જમવાના પાસ અગાઉથી જ આપી દેવામાં આવે છે.

'સમૂહલગ્ન'ને દિવસે જે તે દાતાના ઘરેથી જાન નીકળવાની હોય ત્યાં વરરાજાને કંકુ-ચાંદલો કરી પસ ભરાવવામાં આવે છે. જાનૈયાનું ખૂબ જ માન-સન્માન સાથે ઠંડાં પીણાંથી સ્વાગત કરવામાં આવે છે. બેન્ડ-વાજાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે, જેના સથવારે જાનૈયાઓ નાચતા-ગાતા માંડવે પહોંચે છે. દરેક જાનૈયાઓનું સંપૂર્ણ આત્મગૌરવ જળવાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

વાજતે-ગાજતે જાન માંડવે પહોંચતાં જ જે તે સમાજના પ્રમુખશ્રી જેઓ કન્યાના પિતા બન્યા હોય છે તેઓ જાનૈયાઓનું ઉષ્માભર્યું સ્વાગત કરે છે અને વેલકમ ડ્રિન્કથી તેમને તરબતર કરે છે. ત્યાર પછી કન્યા પક્ષ તરફથી વરરાજાને પોંખવાની પારંપરિક વિધિ ઉત્સાહપૂર્વક પાર પાડવામાં આવે છે અને બાદમાં વરરાજા હોંશેહોંશે માંડવામાં પ્રવેશે છે.

જેટલાં યુગલો હોય એટલા ગોરમહારાજની વ્યવસ્થા કરવામાં આવી હોય છે અને સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મંત્રોચ્ચાર સાથે સાજન-મહાજનની ઉપસ્થિતિમાં વર-વધૂને પરણાવવામાં આવે છે. સ્ટેજને સુંદર રીતે શણગારવામાં આવેલ હોય છે અને આમંત્રિત મહેમાનો માટે વ્યવસ્થિત બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે. ફોટોગ્રાફરની વ્યવસ્થા પણ હોય છે.

લગ્નવિધિ પત્યા બાદ સામાન્ય લગ્નમાં જેમ વરવધૂ માટે પંચોળાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે બરોબર એ જ રીતે અહીં પણ વર-કન્યા માટે અલગથી પંચોળાની વ્યવસ્થા કરવામાં આવે છે. એવી જ રીતે જાનૈયાઓ માટે વિશાળ શમિયાણો બનાવવામાં આવ્યો હોય છે જ્યાં તેઓ માટે જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હોય છે. ભોજન સમારંભ પૂર્ણ થયા બાદ સૌ પોતપોતાની અનુકૂળતા મુજબ વિદાય લે છે. આમ સમૂહલગ્નનું આયોજન ભવ્યતાપૂર્વક પૂર્ણ થાય છે.

## પુત્રવધૂનો સત્કાર

**કવિ મેઘબિંદુ**

લાડકવાયી લાડી,
તું રૂમઝૂમ પગલે આવ, તું રૂમઝૂમ પગલે આવ
ઘરમંદિરને સ્નેહ સુગંધે અભર સભર મહેકાવ

શ્રદ્ધાનો લઈ દીપ ઘરને અજવાળાથી ભરજે
સ્મિત સમર્પણ ને વિશ્વાસે ઘરમાં હરજે ફરજે
જીવન તારું પુલકિત કરવા ભાવસુધા વરસાવ
તું રૂમઝૂમ પગલે આવ, તું રૂમઝૂમ પગલે આવ

દિલના સૌ અરમાનોથી તું રંગોળી નિત કરજે
હેત પ્રીત આદર મમતાથી સંબંધો જાળવજે
સપ્તપદીના સપ્તભાવથી માંગલ્ય પ્રગટાવ
તું રૂમઝૂમ પગલે આવ, તું રૂમઝૂમ પગલે આવ

માતા-પિતા ને ભાઈ-બહેનનો સ્નેહ તને સાંપડશે
જીવનપંથે સુખનો વૈભવ સહજ તને તો મળશે
ઇશકૃપાથી મળશે તુજને દાંપત્યનો ભાવ
તું રૂમઝૂમ પગલે આવ, તું રૂમઝૂમ પગલે આવ

## અભિનંદન

જેજેસી-કલાનગરીના શ્રી આનંદ દીનેશ નાણાવટી Certified Financial Planner CMની પરીક્ષામાં ઉત્તીર્ણ થતા તેમને અભિનંદન.

—ooo—

શ્રી સંજય બી. શાહ, સેક્રેટરી જનરલ, જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા સેક્રેટરી (જેજેસી ચૅરિટેબલ ટ્રસ્ટ) ફરી વાર વર્ષ ૨૦૧૦-'૧૧-'૧૨-'૧૩ માટે કાંદિવલી કન્ઝ્યુમર સોસાયટીના પ્રમુખ પદે નિમાયા છે તે બદલ જેજેસી-સેન્ટ્રલ બોર્ડનાં અભિનંદન.

## યાત્રા-પ્રવાસ-પિકનિક

| જે.જે.સી. | તારીખ | પ્રવાસ સ્થળ |
|---|---|---|
| ★ મલાડ | ૧૯-૧૨-૨૦૧૦ | એસ્સેલ વર્લ્ડ |
| ★ વિલે પાર્લે | ૩૧-૧૨-૨૦૧૦ | રોયલ ગાર્ડન |

## સરતચૂક

નવેમ્બર-'૧૦ના અંકમાં પાના નં. ૨૩ ઉપર છપાયેલ સેજલ કિરીટકુમાર શાહના Bio-Dataમાં સરતચૂકથી તેઓ "DIVORCEE" છે એ માહિતી રહી ગયેલ છે. બાકી બીજી બધી Matter છપાયેલ પ્રમાણે છે તેની સૌએ નોંધ લેવી. સરતચૂક બદલ દિલગીર છીએ.

*– તંત્રી*

## યુવામેળો

જૈન જાગૃતિ સેન્ટર-કાંદિવલી (૨૨) સંચાલિત શ્રી કિરીટભાઈ ભાઈલાલ શાહ પરિવાર પ્રેરિત જૈન સગપણ માહિતી સેન્ટર

જૈન જાગૃતિ સેન્ટર કાંદિવલી (૨૨)એ તા. ૨૬-૧-૨૦૦૯થી સગપણ માહિતી સેન્ટરની સ્થાપના કરી છે. દર ગુરુવારે સમય સાંજે ૫.૦૦ થી ૭.૦૦ અને દર રવિવારે બપોરે ૪.૦૦ થી ૭.૦૦ સુધી, ૯, સાઈરાજ ગાર્ડન, મોદી પાર્કની સામે, ઈરાની વાડી, હેમુ કલાની રોડ નં. ૩, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ०६७ સ્થિત આ સેન્ટર કાર્યરત હોય છે. (દૂરધ્વનિ ૨૮૬૬૦૧૬૯)

આ માહિતી સેન્ટરમાં ૧૦૦૦થી પણ વધુ યુવક-યુવતીનાં નામો રજિસ્ટર થયેલાં છે. આ માહિતી સેન્ટર દ્વારા બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૦ રોજ સેન્ટરમાં રજિસ્ટર થયેલાં જ યુવક-યુવતીનો એક મેળાવડો યોજવાનું નક્કી કરેલ છે. વધુ વિગત માટે આ માહિતી સેન્ટરની ઑફિસનો સંપર્ક કરવો.

## VISIT WEBSITE

જૈન જાગૃતિ સેન્ટરોની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની માહિતી જાણવા જેજેસીની વેબસાઈટની મુલાકાત લ્યો. જાગૃતિ સંદેશ, વિવિધ સેન્ટરોના પરિપત્ર તથા અન્ય માહિતી આ વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે.


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકેજેસ ઓછા કરવા ● કમર અને સાઈટીકાનો દુખાવો ● સ્પોંડીલાઈસીસ ● ઘુંટણનો દુઃખાવો ● માઈગ્રેન ● ડિપ્રેસન ● અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, *કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી* નીચેની અલ્ટરનેટીવ થેરાપીનો ઉપયોગ કરી ● મેરીડીયન મસાજ થેરાપી ● એક્યુપ્રેસર થેરાપી ● પાસ થેરાપી ● બુંહાગ ઈન્સટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને સચોટ ઈલાજ કરવામાં આવશે

**રાજેંદ્ર શામજી શાહ (સિનીયર થેરાપીસ્ટ)**

લાઈફ મેમ્બર ● જૈન ડૉક્ટર્સ ફેડરેસન, મુંબઈ

● ઈંડિયન ફોરમ ફોર અલ્ટરનેટીવ મેડીસીન અને હોલીસ્ટીક હેલ્થ સાયન્સીસ, મુંબઈ.

*One should not ferget that all therapies in the universe have limitations.*

Raajendra S. Shah (Sr. Therapist)

B.Sc, N.D., D.M.M., D.Ac., D.P.T., D.M.T., C.C.M.

R. No. 18, Bhoj Mahal, 1st flr, Tejookaya Park, 545 Dr. B. Ambedkar Rd, Matunga (E), Mumbai - 19.

Mob.: 9820002953 Tel.: (R) 24121234

(જા X ખ)



# શુભ વિવાહ સમાચાર

## દરેક જૈન યુવક/યુવતીઓ માટે

## દર મહિને પ્રસિધ્ધ થનારૂ માસિક

આ માસિકમાં યુવક/યુવતીઓ ના બાયોડેટા સાથે કલર ફોટો છપાશે

ફૂલ પેઝ બાયોડેટા Rs.1800/- અને ½ પેઝ બાયોડેટા Rs.1200/- (એકજ વાર માટે)

*બહારગામ વાળાના પણ બાયોડેટા લેવામા આવશે*

*આ બુકનું વીતરણ મુંબઈ/બહારગામ/વિદેશમા પણ કરવામા આવશે*

આજ બાયોડેટા વેબસાઈટ પર પણ મળશે. (છ મહીના સુધી)

(E-mail દ્વારા પાસવર્ડ મેળવવો જરૂરી)

વધુ વીગત માટે : **મોદી પ્રીન્ટસ**

૨/૩૩, ડોસા હાઉસ, ૫-ગનબોવ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઈ - ૪૦૦૦૦૧

**સંપર્ક: 9320097973 / 9321681702**

આ બુક FREE મંગાવવા માટે આપનુ એડ્રેસ નીચેની E-MAIL આઈડી પર મોકલાવો

E-MAIL : vivahsamachar@gmail.com / modiprints1@gmail.com

**આ બુકનુ પ્રકાશન જાન્યૂઆરી-2011 થી શરૂ થશે.**

**www.subhvivahsamachar.com** (આ વેબસાઈટ તા. ૨૦-૧૨-૨૦૧૦થી શરૂ થશે.)

*આ માસિક મંગાવવા આપનું સરનામું પોસ્ટ દ્વારા મોકલાવી શકો.*

# ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત સાંકળરૂપ સુવ્રતી સમુદાય શ્રેણીની અનિવાર્યતા

■ ગુણવંત બરવાળિયા

## સાધુના મહાવ્રત, શ્રાવકના અણુવ્રત સમણ-સમણીના સુવ્રત

- વ્રતોના ઉત્કૃષ્ઠ આચરણ કરનાર શ્રાવક-શ્રાવિકાનો સમુદાય એટલે સુવ્રતી સમુદાય જે ધર્મ પ્રભાવનાનું સુંદર કાર્ય કરી શકે.
- શાસનનાં કેટલાંક કામો સાધુજી અને સાધ્વીજી કરે છે. જે શ્રમણ સમાચારીમાં વિક્ષેપરૂપ બને છે તેવા સંજોગોમાં આવાં કાર્યો સુવ્રતી સમુદાય, સમણ-સમણી કે ધર્મપ્રચારક કરે તો સાધુજીવનમાં આવતા દોષો ટળે છે અને સાધુ-સાધ્વીજી શુદ્ધ સમાચારીનું પાલન કરી શકે છે. આ નૂતન વિચારધારાને પ્રવાહિત કરતો ગુણવંતભાઈ બરવાળિયાનો લેખ પ્રસ્તુત કરીએ છીએ.

— *તંત્રી*

જૈન સંતોની જીવનચર્યાનો પ્રભાવ જનસમૂહ પર પડે અને તે અહિંસાધર્મ અપનાવે તે જિન શાસનની વિશિષ્ટતા છે, કારણકે જૈન ધર્મ આચારપ્રધાન છે.

સાંપ્રત જીવનપ્રવાહમાં આર્થિક, ભૌગોલિક સામાજિક અને રાષ્ટ્રીય પરિસ્થિતિ બદલાઈ છે. જૈનો દેશ-વિદેશમાં ચોતરફ વસવાટ કરી રહ્યા છે. સાધુજીની સમાચારી અને સંયમજીવનની મર્યાદાને કારણે સંતો બધી જગાએ જવા અસમર્થ હોય છે. જ્યાં જૈનોનાં થોડાં ઘણાં કુટુંબોનો વસવાટ હોય, પરંતુ વિહારની વિકટતાને કારણે દૂર કે દુર્ગમ સ્થળોએ જૈન સંત-સતીજીઓ જઈ ન શકે અને આવું લાંબો સમય ચાલે તો જૈન પરિવારોને વારસામાં મળેલ સંસ્કાર નવી પેઢીમાં ન ઊતરે, શ્રાવકાચાર લુપ્ત થઈ જાય અને અન્ય ધર્મગુરુ કે ધર્મસ્થળનું આલંબન મળતાં નવી પેઢી જિનકથિત અહિંસાધર્મથી વંચિત રહી જાય. આવા કારણે સાંપ્રત પરિસ્થિતિમાં જૈન ધર્મપ્રચારક કે પ્રવર્તકની જરૂરિયાત ઊભી થઈ છે.

તાજેતરમાં પર્યુષણ પર્વ પર અમેરિકાની યાત્રાએ જવાનું બન્યું. જ્યાં હ્યુસ્ટનમાં તેરાપંથ જૈન સંપ્રદાય પ્રેરિત જૈન વિશ્વભારતી સંસ્થાની મુલાકાતે જવાનું થયું. જ્યાં આચાર્યશ્રી મહાશ્રમણનાં સુશિષ્યા પૂ. સમણી અક્ષયપ્રજ્ઞાજી અને પૂ. સમણી વિયનપ્રજ્ઞાજીના પાવન સાન્નિધ્યે ''સમણ-સમણી શ્રેણી એક વિશિષ્ટ વ્યવસ્થા'' વિષયે સંગોષ્ઠીમાં સહભાગી થવાનો લાભ મળ્યો.

અહીંના જૈન વિશ્વભારતીના આ વિશાળ સંકુલ સંચાલન બન્ને સમણીજીઓ સુચારુ રીતે કરી રહેલ છે. આ સંકુલમાં મેડિટેશન માટે પિરામિડ હૉલ, જૈન મંદિર, ગ્રંથાલય, જૈન પાઠશાળા, અતિથિનિવાસ, સંતનિવાસ, ભોજનાલય વગેરે વિવિધ વિભાગો આવેલા છે. અહીં યોજાતાં પરિસંવાદ, ધ્યાન, પ્રવચનો, ગીત-સંગીતના નાટક વગેરે. જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિને લગતા કાર્યક્રમોમાં જૈનોના તમામ ફિરકાનાં શ્રાવક-શ્રાવિકાઓ તથા અન્ય ભારતીય અને વિદેશી જૈનેતરો પણ ઉલ્લાસભેર લાભ લે છે.

તેરાપંથની સમણ-સમણી શ્રેણીની પરંપરા રસપ્રદ છે.

સ્વપ્નદૃષ્ટા આચાર્ય તુલસીએ, ભગવાન મહાવીરે પ્રરૂપેલ ધર્મના પ્રચાર માટે દેશ અને વિદેશમાં ધર્મપ્રવર્તક તરીકે કાર્ય કરી શકે તે માટે સાધુ અને શ્રાવક વચ્ચે જોડતી કડીરૂપ સમણશ્રેણીની કલ્પના કરી.

વિ. સં. ૨૦૩૭, કારતક સુદ બીજ, તા. ૯-૧૧-૧૯૮૦ના આચાર્ય તુલસીના જન્મદિને છ મુમુક્ષુ બહેનોને દીક્ષા દઈ સમણશ્રેણીની વિધિવત્ શરૂઆત કરી.

શ્રાવક શ્રેષ્ઠી છોગમલજી ચોપડાના પ્રચંડ પુરુષાર્થ અને આચાર્યશ્રીના આશીર્વાદથી સ્થપાયેલ ''પારમાર્થિક શિક્ષણ સંસ્થા લાડનુ''માં સમણશ્રેણીમાં દીક્ષા લેનારને સંયમજીવનની તાલીમ આપવામાં આવે છે. જૈન દર્શન, અન્ય દર્શનો હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત અને આધુનિક શિક્ષણનો પાંચ વર્ષ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે.

દીક્ષા બે પ્રકારની હોય છે. એક મહાવ્રત દીક્ષા જેમાં સાધુ-સાધ્વીજી સંપૂર્ણ પંચમહાવ્રતનું પાલન કરે છે.

વીરમણ દીક્ષા-સમણી દીક્ષા એટલે વ્રત દીક્ષામાં સમણ-સમણીજીઓએ નિયમ પ્રમાણે વ્રતો પાળવાનાં હોય છે.

અહિંસા - આંશિક છૂટ
સત્ય - પૂર્ણ પાલન
અચૌર્ય - પૂર્ણ પાલન
બ્રહ્મચર્ય - પૂર્ણ પાલન
પરિગ્રહ - આંશિક છૂટ

સમણ-સમણીજીએ વર્ષમાં બે વાર કેશલુંચન કરવાનું હોય છે. રાત્રિભોજન ત્યાગ અને શ્વેત વસ્ત્ર પરિધાન

કરવાના હોય છે.

આહાર : સમણીજી નિમિત્તે બનાવેલો આહાર ખપે.

વિહાર : જરૂરિયાત મુજબ વાહનનો ઉપયોગ કરી શકાય.

નિહાર : ટોઈલેટ, બાથરૂમ, રેસ્ટરૂમ કે શૌચાલયનો ઉપયોગ કરી શકાય.

સંદેશવ્યવહારનાં સાધનો ટેલિફોન - ઇન્ટરનેટ કૉમ્પ્યુટર અને માઈકનો ઉપયોગ કરી શકાય.

૧૯૮૦થી અત્યાર સુધીમાં ૧૮૪ દીક્ષા થઈ, જેમાંથી ૮૦ સાધ્વી થઈ એટલે એમણે સમણી થયાં પછી પંચમહાવ્રતની પાકી પૂર્ણ દીક્ષા લીધી. ૧૦૨ સમણીઓ અને બે સમણની જવાબદારી ''તુલસી અધ્યાત્મ નિગમ'' સુંદર રીતે સંભાળી રહેલ છે.

– સમણના સૂચિતાર્થો –

સમણ : સમતાની સાધના

શ્રમણ : શ્રમની સાધના

ષમણ : શાંતિની સાધના

એવા અર્થગાંભીર્યને વરેલા આ સાધકો એક જ ગુરુના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ ગુરુઆજ્ઞાથી સંપૂર્ણ સમર્પણભાવ સાથે ધર્મપ્રચાર અને વ્યવસ્થાનું કાર્ય સફળ રીતે પાર પાડી રહ્યા છે.

સાધ્રુ-સાધ્વીજી મહાવ્રત, શ્રાવક-શ્રાવિકા અણુવ્રત અને સમણ-સમણીજી સુવ્રતનું પાલન કરે છે.

તાજેતરમાં સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી જયમલ જૈન શ્રાવક સંઘ દ્વારા સમણ-સમણી શ્રેણી શરૂ કરવામાં આવી છે. આજથી લગભગ ૨૦૦થી વધુ વર્ષ પહેલાં એકાવતારી મોટી સાધુવંદનાના સર્જક આચાર્ય શ્રી જયમલજી મહારાજે ભિક્ષુ-ભિક્ષુણી દીક્ષાના રૂપમાં આવી પરંપરા શરૂ કરવાની પ્રેરણા કરી હતી.

આચાર્યસમ્રાટ જયજન્મત્રિશતાબ્દી વર્ષના ઉપલક્ષમાં જયગચ્છીય શ્રી આચાર્ય પૂ. શુભચંદ્રજી મ.સા. તથા ઉપાધ્યાય પૂ. પાર્શ્વચંદ્રજી મ.સા.ની સ્વીકૃતિ સાથે પૂ. ડૉ. પદ્મચંદ્રજી મ.સાહેબે અખિલ ભારતીય શ્વેતામ્બર સ્થાનકવાસી જયમલ જૈન શ્રાવક સંઘ દ્વારા શ્રીમતી વસંતાજી મહેતા અને સુશ્રી દીપ્તિજી મહેતાને સમણી દીક્ષા પ્રદાન કરી આ પવિત્ર પરંપરાને પ્રવાહિત કરી જે શ્રાવક-શ્રાવિકા વૃંદને સાધુસમાજ સાથે જોડતી મજબૂત કડીરૂપ બની રહેશે.

જયમલ સંઘ દ્વારા અપાતા આ સમણી દીક્ષાના સ્વરૂપની રૂપરેખા :-

- આ દીક્ષા સાધનાના પ્રશિક્ષણરૂપ છે.
- આગળ વધતા પરિપક્વ બની પૂર્ણરૂપે સાધુ દીક્ષા દ્વારા સંયમ અંગીકાર કરી શકશે.
- આ શ્રેણીના આચરણ દ્વારા અહિંસા ધર્મનો પ્રચાર, જિનશાસનની પ્રભાવના અને વૈયાવચ્ચ દ્વારા તીર્થંકર ગોત્રનું ઉપાર્જન કરી શકાય.
- પંચ મહાવ્રતમાં પ્રવેશવાનું પ્રાથમિક સોપાન છે.
- અઢાર પાપસ્થાનોમાં પ્રથમ પ્રાણાતિપા નામનાં પાપસ્થાનોનો આંશિક રૂપમાં ત્યાગ અને બાકીના પૂર્ણરૂપ ત્યાગની પ્રતિજ્ઞા.
- અહીં પંચમહાવ્રતના પાલનમાં અહિંસાવ્રતમાં જિનશાસનની પ્રભાવના અર્થે માઈક-વાહન, પ્રચાર-પ્રસારનાં સાધનોના ઉપયોગના આગાર અને પાંચમાં પરિગ્રહ વ્રતમાં પણ સંયમ, રક્ષા અને જિનવાણી પ્રચારના હેતુ માટે ઉપયોગની આવશ્યક વસ્તુનો આગાર પછી બધાં વ્રતોનું પૂર્ણ પાલન કરવાનું રહેશે અને રાત્રિભોજનનો ત્યાગ રહેશે.

વળી ઈન્દ્રિય નિગ્રહ દ્વારા મન-વચન અને કાયાના ત્રિયોગોનું ગોપન કરી સંયમમાં રમણ કરવા વારંવાર કાયોત્સર્ગમાં લીન રહેશે.

શ્વેત વસ્ત્ર ધારણ કરશે, મુંહપતિ, યાત્રા અને રજોહરણ રાખશે. યાત્રા રાખવા માટે સફેદ કપડાના ઝોલો કે થેલી રાખશે. વાહન વાપરતી વખતે રજોહરણ અને મુંહપતી (મુખવસ્ત્રિકા)નું પ્રદર્શન ન થાય તેનું ધ્યાન રાખશે.

જયમલ સંઘની દરેક શ્રમણીના નામ સાથે ''નિધિ'' શબ્દ જોડવાનો રહેશે.

જયમલ શ્રી સંઘનાં પ્રત્યેક સમણ-સમણીને ''મથ્થેએણં વંદામિ'' શબ્દ સહિત વંદનના અધિકારી ગણવામાં આવ્યા છે. આત્માનું શાસન અને વ્યવસ્થા અંતર્ગત પૂ. ડૉ. પદ્મચંદ્રજી મ.સા.ની સંપૂર્ણ આજ્ઞામાં રહેશે.

ધર્મપ્રચાર માટે ઓછામાં ઓછાં બે સમણ કે બે સમણીને સાથે મોકલવાના રહેશે.

ઓછામાં ઓછું છ મહિના સાધુ-સાધ્વી સાથે સમણ-સમણીએ આરાધના કર્યા પછી ''જય પાર્શ્વ પદ્મોદય મુમુક્ષુ ઇન્ટરનેશનલ'' સંસ્થાની પાસેથી દીક્ષા માટે લેખિત સ્વીકૃતિ અરજી કરી મેળવવાની રહેશે.

આચારસંહિતામાં કોઈ પણ પ્રકારનો દોષ લાગશે તો શુદ્ધિકરણ માટે બે વાર પ્રાયશ્ચિત્ત આપવામાં આવશે. ત્રીજી વારના દોષ વખતે પુનઃ વેષપરિવર્તન કરાવી સંસારી કુટુંબીજનોને સોંપી દેવામાં આવશે.

આચારસંહિતાથી વિપરીત કે જૈન ધર્મની હિલના થાય તેવું કૃત્ય કરનાર સામે ''જય પાર્શ્વ પદ્મોદય ઇન્ટરનેશનલ'' સંસ્થા કડક કાર્યવાહી કરશે. સમણ-સમણીને નિશ્ચિત સ્થળે મોકલવાની વ્યવસ્થા સંસ્થા કરશે.

પ્રચાર-પ્રસાર વખતે વાહન વાપરવાની અને ટિફિન ગોચરીની છૂટ સ્વીકારાઈ છે.

મુમુક્ષુ ઇન્ટરનેશનલ સંસ્થા દ્વારા આગમના શિક્ષણની વ્યવસ્થા છે. વ્યાવહારિક શિક્ષણ માટે સ્નાતક (ગ્રૅજ્યુએટ), અનુસ્નાતક (પોસ્ટ ગ્રૅજ્યુએટ) **M.Phil.** અને **Ph.D.**ના શિક્ષણની વ્યવસ્થા જયમલલાલ, જ્ઞાન મરલેચા સ્વાધ્યાય ભવન, વેપેરી, ચેન્નાઈ મધ્યે કરવામાં આવે છે.

અનુપ્રેક્ષા ધ્યાન પદ્ધતિ દ્વારા ધ્યાનસાધના પર ભાર આપવામાં આવે છે.

જયમલ સ્થા. જૈન સંઘની આ સમણીઓ જ્યાં જ્યાં સંતો ન પહોંચી શકતાં હોય તેવા ક્ષેત્રમાં શાસનની પ્રભાવના કરશે. પોતાના ઉત્કૃષ્ઠ આચાર દ્વારા આબાલવૃદ્ધોને પ્રભાવિત કરશે અને વીતરાગ ધર્મની પવિત્ર ધારાને ઘરઘરમાં પ્રવાહિત કરશે.

તેરાપંથ જૈન સંપ્રદાય અને સ્થાનકવાસી શ્રી જયમલ જૈન સંઘની સમણશ્રેણી પરંપરા ચતુર્વિધ સંઘ, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને જોડતી મજબૂત કડીરૂપ સાંકળનું કાર્ય સુપેરે કરી રહી છે, ત્યારે જૈનોના અન્ય સંપ્રદાય અને ફિરકાઓએ આવી શ્રેણી શરૂ કરવાની અનિવાર્યતા અંગે ગંભીરતાથી વિચાર-વિમર્શ કરવાનો સમય પાકી ગયો છે.

વર્ષો પહેલાં અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના મહાસંમલેનમાં આવા ધર્મપ્રચારકની શ્રેણી શરૂ કરવાનો ઠરાવ કરવામાં આવેલ અને તેનું પ્રાથમિક બંધારણ બનાવવા કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજને વિનંતી કરવામાં આવેલ. પૂ. મહારાજસાહેબે એમના મુસદ્દાની રૂપરેખા શ્રેષ્ઠીવર્યોને જણાવેલ, પરંતુ પછી કોઈ નક્કર કામગીરી થઈ હોય તેવી માહિતી મળતી નથી.

આ કામ કૉન્ફરન્સ, મહાસંઘ, પરિષદ કે મંડળો જેવી મહાજન સંસ્થાનું છે. તેમણે સમર્થ સંતના નેતૃત્વ નીચે આવી શ્રેણી શરૂ કરવાની પહેલ કરવી જોઈએ.

આ શ્રેણી માટે સમણ શબ્દનો પ્રયોગ કદાચ ગૂંચવાડો કરનારું કે ભ્રમ ઉત્પન્ન કરનારું બને. પરમદાર્શનિક પૂ. જયંતમુનિ કહે છે કે સારા વ્રતધારીઓ માટે સુવ્રત શબ્દ શાસ્ત્રમાં વારંવાર આવ્યો છે. જેથી આવાં સારાં વ્રતો પાળવાવાળા સમુદાયને ''સુવ્રતી સમુદાય'' કહી શકાય.

દેરાવાસીમાં અને સ્થાનકવાસીમાં પહેલાં જતિ વર્ગ હતો. દિગંબર સંપ્રદાયમાં આવા યતિજીઓને ભટ્ટારક કહેવાતા. દિગંબર સંપ્રદાયમાં આવી શ્રેણી છે જેને દીક્ષા માટે ક્રમશઃ બ્રહ્મચારી, ક્ષુલ્લક અને એલક થયા પછી જ સાધુદીક્ષા અપાય છે. જેથી સ્થાનકવાસીમાં આવા ધર્મપ્રચારકોની સુવ્રતી શ્રેણી શરૂ કરવી જોઈએ.

સાંપ્રત જૈન શાસનમાં આવા તાલીમ પામેલા ધર્મપ્રચારકો-પ્રવર્તકો કે સુવ્રતીઓ છેલ્લી વૈજ્ઞાનિક શોધોથી વાકેફ થઈ આધુનિક સાધનો અને ઉપકરણોના ઉપયોગ દ્વારા યુવાનો અને પાશ્ચાત સંસ્કૃતિ તરફ ઢળી ગયેલી વ્યક્તિઓને ધર્માભિમુખ કરી શકે.

વળી શાસનની કેટલીક બાબતનું સાધુજી અને સાધ્વીજીઓ સંચાલન કરે છે અને જે શ્રમણ સમાચારીમાં વિક્ષેપરૂપ બને છે તેવા સંજોગોમાં આવાં કાર્યો ધર્મપ્રચારકો કે સુવ્રતી સમુદાય કરે તો સાધુજીવનમાં આવતા દોષો ટળે છે અને સાધુ-સાધ્વી શુદ્ધ સમાચારીનું પાલન કરી શકે છે.

સંપ્રદાયોમાં વિવેકપૂર્વક નિયમોસહ ગીતાર્થ ગુરુજનોના માર્ગદર્શન હેઠળ આવા સુવ્રતી સમુદાયની શ્રેણી શરૂ કરવામાં આવે તો સ્વ પર કલ્યાણકારી બની શકે.

## આગમ દર્શન (મુખપૃષ્ઠ)

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન, સંકલન કરી અદ્‌ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતા, કરુણાસાગર મહાવીરને સતત દેશના આપવા માટે પ્રેરે છે અને માત્ર જૈન સાહિત્યને જ નહિ, પણ વિશ્વનાં દર્શન સાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમનું ચિંતન સ્વાધ્યાય અને પરિશીલન, અજ્ઞાનના અંધકાર દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાન, આચારશાસ્ત્ર તથા વિચારદર્શનનો સુભગ સમન્વય સાથે સંતુલિત તેમ જ માર્મિક વિવેચન આગમમાં છે તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય.

પાપ-પ્રવૃત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિનાં શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે દર્શાવવા હિંસા આદિ દૂષણોનું પરિણામ દેખાડી, અહિંસાના પરમધ્યેયની પુષ્ટિ કરવા સદ્‌ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપુંજમાંથી એક નાનકડું કિરણ મળે તોપણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આગમ સૂત્રો, આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ રચેલ આગમો જીવના કલ્યાણ મંગલ માટે, વ્યક્તિને ઊર્ધ્વ પંથનો યાત્રી બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

*ગુણવંત બરવાળિયા*

# જૈન સાહિત્ય ક્ષેત્રે કરવાં જેવાં કેટલાંક કામો વિષે ચિંતન કરવાનો સુવર્ણ અવસર

■ ચીમનલાલ કલાધર

જૈન સાહિત્યનું સર્જન, પરિમાર્જન અને પરિશીલન યુગે યુગે થતું રહ્યું છે. તેમાં મુદ્રણકલાની શોધ પછી વિક્રમની વીસમી સદીમાં તો આ અંગે વિક્રમરૂપ કાર્ય થયું છે. પૂર્વે આપણા જ્ઞાનભંડારોમાં રહેલા લાખો અમૂલ્ય ગ્રંથો અને હસ્તપ્રતોનો ખાસ ઉપયોગ થતો નહોતો. મુદ્રણકલાની શોધ થતાં એમાંના કેટલાય ગ્રંથો પ્રકાશિત થઈ જિજ્ઞાસુ લોકોના હાથમાં પહોંચ્યા છે, તો કેટલીય હસ્તપ્રતોનું આપણા વિદ્વાનોએ સંશોધન અને સંપાદન કરી એને મુદ્રિત કરાવી જૈન સાહિત્યને એક નવું પરિમાણ બક્ષ્યું છે.

ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માએ પ્રરૂપેલ અને ગણધર ભગવંતોએ ગૂંથે દ્વાદશાંગી-આગમ સૂત્રો એ જૈન ધર્મ અને સાહિત્ય માટે સૌથી વિશિષ્ટ અને વિરલ ઘટના ગણી શકાય.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ચોથા સૈકામાં પાટલીપુત્રમાં જૈન વિદ્વાનો, પંડિતો અને સાધુઓની એક પરિષદ મળી હતી. મુખપાઠથી આગમો ભુલાઈ રહ્યા હતા. આ રીતે આગમની સાચવણી વધુ ને વધુ મુશ્કેલ બનતી જતી હતી. એથી પરિષદમાં આર્ય સ્થૂલિભદ્ર વગેરે શ્રમણોએ આગમોની જાળવણી માટેનું કાર્ય હાથ ધર્યું હતું.

એ પછી છઠ્ઠા સૈકામાં આર્ય સ્કંદિલની નિશ્રામાં ફરી આવી પરિષદ મળી હતી. આગમો અંગેની આ પરિષદમાં ફરી વાર સંકલના થઈ, પરંતુ પહેલાંની પેઠે અહીંયાં એનું સંકલન મુખપાઠ રૂપે થયું. એને લેખન સ્વરૂપ હજુ અપાયું નહોતું. એ સમયે કાગળની શોધ હજુ થઈ નહોતી. તાડપત્ર ઉપર ગ્રંથો લિપિબદ્ધ કરવાની પ્રણાલિકા પણ ઘણી કષ્ટ ભરેલી હતી. મુખપાઠની પરંપરાનું ઘણું મોટું ગૌરવ હતું. 'વિદ્યા પાઠે, ગચ્છ ગાંઠે' એવી લોકોક્તિ હતી અને તે સર્વત્ર સ્વીકારાતી હતી.

એ પછી વિક્રમની દસમી સદીમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે વલ્લભીપુર મુકામે આવી પરિષદ બોલાવી. આ પરિષદમાં બધા આગમોને એકત્ર કરીને આગમવાચના તૈયાર કરાઈ. તેનું લેખનકાર્ય આ પરિષદમાં થયું અને તેની નકલો તૈયાર કરાવાઈ. આમ આગમિક સાહિત્ય પહેલાં કરતાં વધારે સુલભ થવા લાગ્યું.

જૈન કૃતિઓને લિપિબદ્ધ કરવાનું અર્થાત્ હસ્તપ્રતરૂપે તૈયાર કરવાનું કાર્ય પછીથી તો પ્રબળ વેગે ચાલવા માંડ્યું. શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી અભયદેવસૂરિ, શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી વગેરે અનેક જૈન મહાન વિભૂતિઓની અનેક કૃતિઓ હસ્તપ્રતોના રૂપમાં સુલભ થવા માંડી. નાનાં-મોટાં શહેરો અને ગામોમાં પૂજ્ય સાધુ-સાધ્વીઓના પઠન અર્થે અનેક જ્ઞાનભંડારો સ્થપાયા.

ગુજરાતી ભાષા અને સાહિત્યનો પ્રારંભ ઇસવીસનના બારમાં સૈકાથી એટલે કે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના સમયથી ગણવામાં આવે છે. ગુજરાતી ભાષાના વિકાસમાં જૈન શ્રમણોએ સિંહફાળો આપ્યો છે તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તપસાતા જણાય છે. ગુજરાતી ભાષાની સૌથી પહેલી જૈન કૃતિ 'ભરતેશ્વર બારબલિ રાસ'ની રચના ઈ.સ. ૧૧૮૫માં શ્રી શાલિભદ્રસૂરિ નામના જૈનાચાર્યે કરી હોવાના ઉલ્લેખો મળે છે.

વિક્રમની બારમી સદીથી ઓગણીસમી સદી સુધી જૈન સાહિત્યને જાળવી રાખવા માટે માત્ર હસ્તપ્રતો જ મુખ્ય વસ્તુ હતી અને તે લખનાર લહિયાઓ પણ આંગળીના વેઢે ગણી શકાય તેટલા હતા, પરંતુ છેલ્લા બે સૈકા એટલે કે અઢારમી અને ઓગણીસમી સદી તો જૈન સાહિત્ય ક્ષેત્રે તદ્દન નબળી પુરવાર થઈ હતી. એક-બે અપવાદ સિવાય જૈન સાહિત્ય ક્ષેત્રે આ બે સૈકામાં ખાસ કશું પ્રદાન થયું નહોતું.

વિક્રમના વીસમા સૈકામાં જૈન સાહિત્ય ક્ષેત્રે જાણે ક્રાંતિયુગ આવ્યો. આ સદીમાં દરેક સાધુને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવાની વિશેષ જરૂરિયાત લાગી અને દરેકને શુદ્ધ, સ્પષ્ટ પ્રબોધનની આવશ્યકતા સમજાણી. પરિણામે ન્યાયનાં પુસ્તકો ઉકેલાયાં, કાવ્યોને નવજીવન આવ્યું. રસસાહિત્ય અભ્યસ્ત થવા માંડ્યું અને અનેક વિદ્વાનો સંસ્કૃત ભાષા પર અસાધારણ કાબૂ ધરાવવા લાગ્યા. આ સદીમાં મુદ્રણકલાની શોધ થતાં જૈન સાહિત્ય ક્ષેત્રે મોટી ક્રાંતિ આવી. જુદા જુદા વિષયો પર સેંકડો ગ્રંથો મુદ્રિત થઈને જિજ્ઞાસુઓના હાથમાં પહોંચવા લાગ્યા. પરિણામે જૈન સાહિત્યક્ષેત્રે આ સદીમાં વિક્રમરૂપ કાર્ય થયું.

ઠેઠ બારમી સદીથી ઓગણીસમી સદીના જૈન સાહિત્યના ઇતિહાસને આપણે તપાસીએ તો પંડિત ધનપાળ અને કવિ ઋષભદાસ સિવાય અન્ય કોઈ વિશિષ્ટ વિદ્વાન શ્રાવકો થયાના ઉલ્લેખો ખાસ જોવા મળતા નથી. આ વિષયમાં હજુ વધુ ઊંડા ઊતરીએ તો અપવાદરૂપ થોડાં નામો નીકળી પણ આવે, પરંતુ તે અતિઅલ્પ સંખ્યામાં જ હશે, પરંતુ વીસમી સદીમાં તો આખા

સમાજને હચમચાવે તેવા સેંકડો વિદ્વાનો પેદા થયા અને પોતાના અપૂર્વ જ્ઞાનતેજથી અને ઉત્કૃષ્ટ સાહિત્યસર્જનથી તેમણે ભારતવર્ષને વધુ ગૌરવવાન્ન અને ઉન્નત બનાવ્યું.

